
Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**







મહાવીર પ્રભુના જ્ઞાનગગનથી અમૃતધારા વરસે છે;
વિપુલગિરિ પર મંગલવાજાં દિવ્યધ્વનિનાં વાગે છે.
બાગ ખીલ્યાં છે રત્નત્રયનાં આનંદ-આનંદકાર છે;
અહો પ્રભુજી! શાસન તારું ભવથી તારણહાર છે.

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૫૦૧, વૈશાખ ( લવાજમ : છ રૂપિયા ) વર્ષ ૩૨ : અંક ૭

# * આત્મધર્મ: ( આપનું પ્રિય માસિક ) *

卐 ગુજરાતી તેમજ હિંદીમાં પ્રકાશિત થાય છે. ગુજરાતી-પ્રકાશન દર મહિનાની વીસમી તારીખે પ્રગટ થાય છે. કારતકથી આસો સુધીનું વાર્ષિક લવાજમ રૂા. ૬/- છે. : આત્મધર્મ કાર્યાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) ૩૬૪૨૫૦

卐 સંપાદક ઉપરના યોગ્ય પત્રોનો જવાબ અપાય છે; યોગ્ય પ્રશ્નોના સમાધાન આત્મધર્મ દ્વારા પણ અપાય છે. સંપાદક સાથેના પત્રવ્યવહારનું સરનામું-
બ્ર. હરિલાલ જૈન, સંપાદક આત્મધર્મઃ સોનગઢ ( ૩૬૪૨૫૦ )

卐 ચૈત્ર માસનો સુંદર વિશેષાંક વાંચીને ઘણા જિજ્ઞાસુઓએ પ્રમોદ વ્યક્ત કર્યો છે. આત્મધર્મ એટલે જિનવાણીનો ઘર-ઘર પ્રચાર કરતું મુમુક્ષુનું પ્રિય મુખપત્ર. -જેને દેખતાં જ મુમુક્ષુનું ચિત્ત પ્રસન્ન થઈ જાય છે. અહા, પોતાના આંગણે જિનવાણી દેખીને કોને પ્રસન્નતા ન થાય? તમારા મિત્રોને પણ જરૂર તે પહોંચાડીને તેને હિતમાર્ગની પ્રેરણા આપો.

卐 આત્મધર્મ દેશ-પરદેશના બધા મુમુક્ષુઓની પ્રિય પત્રિકા છે; ભગવાન મહાવીરના શાસનનો તે પરમ ભક્તિભાવથી ઉદ્યોત કરે છે. આત્માર્થીતાની પુષ્ટિ કરવી, સાધર્મીનું વાત્સલ્ય વધારવું, દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રની સેવા કરીને તેનો મહિમા પ્રસિદ્ધ કરવો, બાળકોમાં ઉત્તમ ધર્મસંસ્કાર રેડવા-તે આ પત્રિકાનો ઉદ્દેશ છે. સાધર્મીઓના હાર્દિક સહકારને લીધે આ પત્રિકા ગૌરવશીલ છે. આ પત્રિકામાં જિનશાસ્ત્રાનુસાર પૂ. શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો, તત્ત્વચર્ચાઓ, શાસ્ત્રની અવનવી વાતો, તીર્થોનો મહિમા, ધર્મપ્રભાવનાના સમાચાર, વૈરાગ્યપ્રેરક વિશેષ લેખ-ભજન તથા શંકાસમાધાન અને બાલવિભાગ આપવામાં આવે છે. એનું સંપાદન સપૂર્ણ મધ્યસ્થતાથી ને સમ્યક્ભાવથી થાય છે. તેની ઉદાર અને ગંભીર સંપાદન શૈલીથી સર્વે સાધર્મીજનો પ્રસન્ન છે.

卐 આ વર્ષ "ભગવાન મહાવીરના અઢીહજારવર્ષીય નિર્વાણમહોત્સવ"ના હર્ષોપલક્ષમાં આત્મધર્મમાં જે વિશિષ્ટ આનંદકારી વિવિધ સાહિત્ય પીરસાય છે તે આપની સમક્ષ જ છે. અહો! આ તો હું મારું પરમ સૌભાગ્ય સમજું છુ કે ભગવાન મહાવીરના અપૂર્વ ઉપકારને પ્રસિદ્ધ કરવા માટે મારા જીવનમાં મને આ અભૂતપૂર્વ સુઅવસર પ્રાપ્ત થયો છે. પ્રભુ મહાવીરે બતાવેલો સ્વાનુભૂતિનો માર્ગ ભવ્યજીવોમાં પ્રસિદ્ધ થાઓ-એવી મારી ભાવના છે.

"जय महावीर" — બ્ર હરિલાલ જૈન

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૨
અંક ૭

આત્મધર્મ ૨૫૦૦

વીર સં. ૨૫૦૧
વૈશાખ:
ઈ. સ. 1975
May

# 卐 મહાવીર ભગવાનના મુક્તિધામમાં 卐

જેમ આરાધક સંતોની પરિણતિ મોક્ષને ભેટવા દોડે, તેમ યાત્રાસંઘની મોટરો વીરનાથના મોક્ષધામને ભેટવા દોડી રહી છે. વીરપ્રભુના વિહારથી પાવન થયેલી આ ભૂમિમાં ગુરુદેવ સાથે યાત્રાવિહાર કરતાં મન આનંદિત થાય છે. આ પવિત્ર મોક્ષભૂમિ હૃદયના ઊંડાણમાંથી–ગંભીર વૈરાગ્યવાળા અર્જિકામાતાની જેમ–વીરપ્રભુના વિહારની મંગલગાથા જાણે વિરહના વેદનપૂર્વક સંભળાવી રહી છે; એ સાંભળતાં યાત્રિકોનું હૃદય ક્ષણવારમાં અઢીહજાર વર્ષને વીંધીને વીરનાથની સ્મૃતિના ઊંડાણમાં ચાલ્યું જાય છે.

દૂરથી પાવાપુરી દેખાણી, સરોવર વચ્ચે શોભતું જલમંદિર પણ દેખાયું, અહા, આ તો આપણા ભગવાનનું મુક્તિધામ!–અને આ રહ્યા ભગવાન! દૂરથી પણ મહાવીર ભગવાનની મુક્તિનગરી જોતાં યાત્રિકોને આનંદ થયો,–જેમ સાધકને સિદ્ધિનાં દર્શનથી આનંદ થાય તેમ.

આપણા ભગવાન આ સ્થળ ઉપર સિદ્ધભગવંતોના દેશમાં મુક્તિપુરીમાં બિરાજી રહ્યા છે (–વિરહ નથી, અત્યારે પણ બિરાજી જ રહ્યા છે); આ એ જ મુક્તિધામ છે....આપણે ભગવાનના દેશમાં આવી ગયા છીએ ને સંસારને ભૂલી ગયા છીએ. ભગવાનના દેશમાં કોને આનંદ ન હોય! પાવાપુરીનું વાતાવરણ મંગલમય છે, હૃદયને પ્રસન્ન કરે છે. ઘણા વર્ષોથી સાંભળેલી અને ચિત્રમાં જોયેલી વીરનાથની નિર્વાણભૂમિને સાક્ષાત્ નીહાળતાં, અને એ ભૂમિમાં વિચરતાં મુમુક્ષુ અનેરો આહ્લાદ અનુભવે છે.–જેમ ઘણા વર્ષોથી સાંભળેલું ને ભાવેલું ચૈતન્યતત્ત્વ અનુભૂતિમાં સાક્ષાત્ દેખીને મુમુક્ષુ પરમ આનંદિત થાય છે તેમ!

(અનુસંધાન પાનું ૨૨)

# ૮૬ રત્નોની મંગલ માળ

( ગતાંકથી ચાલુ )




૫૦. અહા, છએ કારકોની સ્વાધીનતાથી શોભતો આ ચૈતન્યભગવાન પોતે મોટો દાતાર છે;–એવો દાતાર છે કે અંતર્મુખ થતાં સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ સુધીનાં અમૂલ્ય રત્નો આપે.

૫૧. જ્યાં અતર્મુખ થયો ત્યાં ચૈતન્યદાતાર કહે છે કે માગ....માગ! તારે જે જોઇએ તે માગ! આ રહ્યો ચૈતન્યભંડાર, તેમાંથી તારે જે જોઈએ તે નિર્મળ પર્યાય લે.

૫૨. આત્મા અંતર્મુખ થઈને પોતામાંથી રાગને લ્યે એવો નથી, પણ નિર્મળભાવને જ લ્યે છે. પોતે જ દાતાર ને પોતે જ લેનાર,–પછી પોત મલિનતા શા માટે લ્યે ?

૫૩. અરે, કલ્પવૃક્ષ પાસે જઈએ ને વાંછિતફળ ન આપે તો એ કલ્પવૃક્ષ શેનું ?–આ ચૈતન્ય–કલ્પવૃક્ષ પાસે જતાં કેવળજ્ઞાન અને મોક્ષફળ જો તે ન આપે તો એ ચૈતન્યનો મહિમા શો ?

૫૪. ચૈતન્ય પાસે જાય ( એટલે કે અંતર્મુખ થાય ) તે ખાલી હાથે પાછો આવે જ નહીં, તેને સમ્યગ્દર્શનાદિ નિર્મળ ભાવ મળે જ.

૫૫. ઉત્પાદ–વ્યયરૂપ ભાવો ક્ષણે ક્ષણે પલટતા હોવા છતાં, આત્મા પોતાની

અપાદાનશક્તિથી ધ્રુવપણે ટકી રહે છે. આવા ઉત્પાદ–વ્યય –ધ્રુવસ્વરૂપી આત્મામાંથી ધર્મનો પ્રવાહ આવ્યા જ કરે છે.

૫૬. ધર્મી જાણે છે કે ષટ્કારકોથી સ્વતંત્ર પ્રભુ–એવો જે મારો આત્મા, તેમાંથી જ હું મારા સમ્યગ્દર્શનાદિ કાર્ય લઉં છું.

૫૭. મારા ધર્મની ધ્રુવખાણ મારો આત્મા જ છે, કોઈ પરદ્રવ્ય કે રાગાદિ તે મારા ધર્મની ખાણ નથી; માટે ધર્મનું સાધન બહાર શોધવાની વ્યગ્રતા મને નથી.

૫૮. અપાદાનશક્તિથી આત્માની ધ્રુવતા બતાવીને આચાર્યદેવ કહે છે કે ભાઈ, આવી અનંત શક્તિવાળા આત્મામાંથી તું ધર્મ લે; બહારમાં ન શોધ.

૫૯. તારો આત્મા તે જ તારા ધર્મનો ધીંગધણી છે; જ્યાં એ ચૈતન્યસ્વભાવને ધીંગધણીપણે ધાર્યો ત્યાં તેની નિર્મળદશાને કોઈ રોકી શકે નહીં.

૬૦. ધર્મી જાણે છે કે જ્ઞાન અને સુખસ્વરૂપ એવો મારો ધ્રુવ આત્મા જ મારું શરણ છે. બીજું કોઈ એવું નથી કે જે ધ્રુવ ટકીને મને શરણ આપે.

૬૧. નિર્મળપર્યાય થાય તેમાં કાંઈ રાગ લંબાઈને ધ્રુવપણે નથી રહેતો, પણ ચિદાનંદસ્વભાવ જ ધ્રુવપણે રહે છે.–આવી શક્તિવાળા આત્માને ઓળખે તો રાગનો આશ્રય છૂટીને સ્વભાવનો આશ્રય થાય.

૬૨. છ કારકોમાં છેલ્લું અધિકરણ છે; આત્મામાં સમ્યગ્દર્શન વગેરે ક્રિયા થવાનો આધાર કોણ? કે ભગવાન આત્મા જ અધિકરણશક્તિવડે તેનો આધાર થાય છે, બીજો કોઈ આધાર નથી.

૬૩. ભક્તિમાં નિમિત્તથી એમ કહેવાય કે હે ગુરુ! આપનો જ આધાર છે....આપના જ આધારે અમે ધર્મ પામ્યા....આમ ધર્માત્મા પણ કહે; છતાં અંતરમાં પોતાની અધિકરણશક્તિનું ભાન છે કે આ મારો સ્વભાવ જ મારા ધર્મનો આધાર છે; બીજો આધાર નથી.

૬૪. ભાઈ, દેહના આધારે તો તારો ધર્મ નથી, રાગના આધારે પણ તારો ધર્મ નથી, તારો ધર્મ તો તારા આત્મસ્વભાવના આધારે જ છે.

૬૫. સંયોગ છૂટે ત્યાં નિરાધાર થઈ ગયા–એમ ધર્મી માનતા નથી. અમારા ધર્મનો ધ્રુવ આધાર અમારામાં જ પડયો છે–એવી નિઃશંક પ્રતીત તેને વર્તે છે.

૬૬. અહા, ધર્મને માટે પોતાનો આત્મા જ આધાર છે. અમારો ધર્મ કાંઈ સંયોગના આધારે આવ્યો નથી, આત્માના જ આધારે આવ્યો છે, એટલે તેને હણવાની કોઈ સંયોગની તાકાત નથી.

૬૭. ભાઈ, આધાર થવાની શક્તિ તારા આત્મામાં જ છે, તેનો જ તું આધાર લે. અંદર શુભરાગનો વિકલ્પ ઊઠે તે પણ તારા ધર્મનો આધાર નથી.

૬૮. શું સિદ્ધભગવાન લોકાકાશના આધારે રહ્યા છે?–ના; તે તો પોતાના આત્મ–પ્રદેશોના આધારે જ રહ્યા છે. એ રીતે સિદ્ધભગવંતોની જેમ સમ્યગ્દર્શનાદિ બધી પર્યાયો આત્માના જ આધારે છે.

૬૯. અહા, આવી છ કારકની સ્વાધીનતા જાણે તો આત્મામાં કેટલું સમાધાન! કેટલી શાંતિ! કેટલો સ્વાશ્રય! એને આકુળતા–ક્લેશ કે વ્યગ્રતાની બુદ્ધિ રહે નહિ.

૭૦. આત્માનો ચેતનસ્વભાવ પોતાની નિર્મળતાનો આધાર છે પણ મલિનતાનો આધાર તે નથી. અરે, રાગ થાય તેનો આધાર પણ આત્મા નથી. આત્મા સમ્યગ્દર્શન–જ્ઞાન–આનંદ વગેરેનો જ આધાર છે.

૭૧. હે જીવ! તારા ધર્મનો આધાર તારામાં જ છે–એમ સ્વશક્તિને ઓળખીને તું તારા આત્માનું જ અવલંબન લે ને બીજાના અવલંબનની બુદ્ધિ છોડ.

૭૨. એ રીતે છ કારકથી સ્વાધીન એવી ચૈતન્યપ્રભુતા બતાવી. આ ચૈતન્યચક્રવર્તી પોતાના સ્વાશ્રિત છ કારકોથી શોભી રહ્યો છે,–એવું સ્વાશ્રિતભાવરૂપ પરિણમન–એ જ ભગવાન મહાવીરનું ધર્મચક્ર છે.

૭૩. આવી અનંતશક્તિરૂપ સ્વભાવ તે જ આત્માનું સ્વ છે, ને તેનો જ આત્મા સ્વામી છે. એ સિવાય બીજું કાંઈ આત્માનું સ્વ નથી, ને આત્મા તેનો સ્વામી નથી.

૭૪. આમ જેણે પોતાના સ્વભાવ સાથે સ્વ–સ્વામીપણું જાણ્યું, તેણે પરિણતિને સ્વ સાથે જોડીને વિકાર સાથે તોડી.–એનું નામ ધર્મચક્રનું પરિણમન, ને એ જ મોક્ષમાર્ગ!

૭૫. આ સ્વભાવશક્તિઓ જાણીને, પરથી વિભક્તપણું અને નિજસ્વભાવનું સ્વામીપણું પ્રગટ કરીને હે જીવ! તું સ્વાનુભવ કર. તે સ્વાનુભવના

ધર્મચક્રમાં જ્ઞાન–આનંદ વગેરે અનંત શક્તિઓ એક સાથે પરિણમતી તને અનુભવમાં આવશે.

૭૬. આત્માના છ કારકોની સ્વાધીનતા ઉપરનાં અદ્દભુત પ્રવચનોમાંથી ગૂંથેલી આ ૭૨ પુષ્પોની મંગલમાળા જે જીવ પહેરશે–એટલે કે અંતરમાં પરિણમાવશે–તે જીવ ચૈતન્યનું ચક્રવર્તીપદ પામશે.

૭૭. અરેરે જીવ! હવે તારે આ દુઃખથી છૂટવું જ છે,–તો વાર શું લગાડવી! આ ક્ષણે જ છૂટી જા ને! આનંદ તો તારામાં હાજર જ છે–તેમાં આવી જા ને!

૭૮. મુમુક્ષુને દરેક પ્રસંગે પોતાને આત્મિકભાવનાનું ઘોલન થાય, ને ચેતનરસ વધતો જાય–તે મહત્ત્વનું છે. આત્માર્થી જીવ બધાય પ્રસંગોને પોતાના ચેતનરસની વૃદ્ધિનું જ કારણ બનાવે છે.

૭૯. સમ્મેદશિખર વગેરે તીર્થધામોની યાત્રા, કે જિનેન્દ્રદેવના પંચકલ્યાણકના દર્શન–એ બધા પ્રસંગે મુમુક્ષુને આત્મકલ્યાણની ને આત્માના અદ્દભુત મહિમાની ઉત્તમ ભાવનાઓ જાગે છે; નવી–નવી ભાવનાઓ ઘૂંટતો–ઘૂંટતો તે પોતાના આત્માને વીતરાગમાર્ગમાં આગળ ને આગળ લઈ જાય છે.

૮૦. બહારમાં સુનકાર વાતાવરણ હોય, ચારે બાજુ ઉદાસી છવાઈ ગઈ હોય એવા પ્રસંગે ધર્મીને મુનિઓનો સહવાસ યાદ આવે છેઃ જાણે મુનિઓના વાસમાં રહેતા હોઈએ–એમ પરમ વૈરાગ્યરૂપ આત્મભાવનાઓ જાગે છે.

૮૧. સાધક જીવનું ચિત્ત સદાય સર્વજ્ઞભગવંતો સાથે કેલિ કરતું હોય છે. એની આત્મસાધનાના અતીન્દ્રિય–તાર સર્વજ્ઞસ્વભાવ સાથે જોડાયેલા છે,–તે કદી તૂટતા નથી.

૮૨. એકત્વ આત્માનો પરમ ગંભીર મહિમા જાણી, તેની ઊંડી ભાવનામાં ઊતરીને આત્મઅનુભૂતિ સુધી પહોંચવું–તે વીરનાથનો માર્ગ છે; ને જેણે એમ કર્યું તે જીવ પંચપરમેષ્ઠીનો સાધર્મી થયો.

૮૩. વીતરાગરસમાં ઝૂલતા પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર! અહો પંચપરમેષ્ઠીના પ્રસાદથી પ્રાપ્ત સુંદર ચૈતન્યતત્ત્વ કેવું શોભી રહ્યું છે!!

૮૪. દુનિયા દુનિયાની રીતે ચાલી રહી છે; વૈરાગ્ય જગાડે છે; ચૈતન્યની અદ્દભુતતા વગર મુમુક્ષુને બીજે ક્યાંય ચેન પડે તેવું નથી.

૮૫. શાંતિ ને ઠંડક (–અકષાય–વેદન) આપનારી વસ્તુ બહારમાં ક્યાં છે? અહા, ચૈતન્યદેવ! શાંતિ દેવાની તાકાત એક તારામાં જ છે. ચૈતન્યની આરાધનાના અદ્‌ભુત પ્રભાવની શી વાત!!

૮૬. હે સાધર્મી! ભગવાનનો આત્મા દરેક પ્રસંગે (ગર્ભથી તે મોક્ષસુધી) કેવા ચૈતન્યભાવે પરિણમી રહ્યો છે–તેને તું ઓળખ. એકલા સંયોગને કે પુણ્યના ઠાઠને, કે રાગ–દ્વેષને જોઈને ન અટક! આત્મિક ગુણોદ્વારા પ્રભુની સાચી ઓળખાણ કર, તો તનેય સમ્યક્‌ત્વાદિ થશે, ને તું પણ પ્રભુના મોક્ષના માર્ગમાં પ્રવેશી જઈશ.

જે જાણતો મહાવીરને ચેતનમયી શુદ્ધ ભાવથી;
તે જાણતો નિજાત્મને સમકિત લ્યે આનંદથી.

---

# આત્મહિત - ભાવના

(રાત્રે સૂતી વખતે જીવન–અવલોકન)

આજ મારા જીવનમાં શું–શું કર્યું મેં હિતનું?
શું કાર્ય કરવું રહી ગયું, ક્ષણ ક્ષણ અરેરે! આત્મનું?
કયા દોષ છોડયા આત્મથી, કયા ગુણની પ્રાપ્તિ કરી?
કઈ ભાવી ઉજ્વળ ભાવના સમ્યક્‌ત્વ–આદિક ભાવની?
કઈ–કઈ ક્ષણે ચિંતન કર્યું નિજ આત્મના શુદ્ધ ગુણનું?
કઈ–કઈ રીતે સેવન કર્યું મેં દેવ–ગુરુ–ધર્મનું?
રે! જીવન મોંઘું જાય મારું, શીઘ્ર સાધું ધર્મને,
ફરીફરી છે દુર્લભ અરે! આ પામવો નરદેહને.
સમ્યક્‌ત્વ સાધું, જ્ઞાન સાધું, ચરણ સાધું આત્મમાં;
એ રત્નત્રયના ભાવથી કરું સફળતા આ જીવનમાં.
પ્રમાદ છોડીને હવે હું ભાવું છું નિજ આત્માને,
નિજ આત્મના ભાવન વડે કરું નાશ આ ભવચક્રને.

# દુઃખથી ત્રાસીને શાંતિ માટે ધા નાખતો જિજ્ઞાસુ વેગપૂર્વક આનંદધામ તરફ દોડે છે.

( સમ્યક્ત્વજીવન–લેખમાળા : લેખાંક–૧૩ )

સમ્યક્ત્વને ઝંખતો જીવ પ્રથમ એટલો વિશ્વાસ કરે છે કે જગતમાં સુખનું ધામ કોઈ હોય તો તે મારું ચૈતન્યપદ જ છે. આવા વિશ્વાસના જોરે જેમ–જેમ તેની લગની વધતી જાય છે તેમ તેમ આનંદનું ધામ તેને પોતાની અંદર નજીક ને નજીક દેખાતું જાય છે...ને અંતે જેમ તરસ્યું હરણું પાણીના સરોવર તરફ દોડે તેમ તેની પરિણતિ વેગપૂર્વક આનંદમય સ્વધામમાં પ્રવેશીને સમ્યક્ત્વ વડે તે આનંદિત થાય છે. ( સં. )

સમ્યગ્દર્શન થતાં પહેલાં આત્મસન્મુખ જીવની રહેણી–કરણી તથા વિચારધારા કેવા પ્રકારની હોય? તથા સમ્યગ્દર્શન થયા પછી તેની રહેણી–કરણી અને વિચારધારા કેવા પ્રકારની હોય? એ જાણવાનું જિજ્ઞાસુને માટે ખૂબ જ ઉપયોગી અને જરૂરી છે. સમ્યગ્દ્રષ્ટિના અંતરમાં વહેતા ભેદજ્ઞાનના ભાવોને બહુ વિરલ જીવો જ ઓળખે છે, પણ જે ઓળખે છે તે ન્યાલ થઈ જાય છે.

જેની અંતરંગ પરિણતિ ચૈતન્યની શાંતિને ઝંખી રહી છે, ચોવીસ કલાક સતત જેને આત્મસ્વરૂપની જ લગન છે, કષાયોની અશાંતિથી જે અત્યંત થાક્યો છે, જેનું વૈરાગી હૃદય ભવ–તન–ભોગોથી પાર એવા કોઈ પરમતત્ત્વને શોધી રહ્યું છે,–તે માટે સર્વ પરભાવોથી દૂર–......અતિદૂર એવી નિજ–ગૂફામાં પ્રવેશવા તત્પર બન્યું છે, સાચી શાંતિનો માર્ગ બતાવનારાં દેવ–શાસ્ત્ર–ગુરુ ઉપર જેને પૂર્ણ વિશ્વાસ છે, અને તેમની પાસે જઈ, બીજી બધી અભિલાષા છોડી મહાન નિજવૈભવની પ્રાપ્તિ માટે જેનો પોકાર છે,–આવી અંતરંગ વિચારધારાવાળો જીવ આત્મસન્મુખધારા વડે થોડા જ વખતમાં


જરૂર સમ્યગ્દર્શન પામે છે ને મહાન શાંતિ વેદે છે. અહો! સમ્યગ્દર્શન થતાં પહેલાં આવા આત્મસન્મુખ મુમુક્ષુ જીવની પણ રહેણી–કરણી તથા વિચારધારામાં કોઈ અલૌકિક પરિવર્તન થઈ જાય છે.

તે જીવ વિચારે છે કે અરેરે! અજ્ઞાનભાવથી દેહને અર્થે તો અનંત જીવન મેં નકામા ગુમાવ્યા ને હું દુઃખી થયો. હવે તો આ ભવદુઃખથી છૂટવા આત્માના નિજ– કલ્યાણ અર્થે સર્વસ્વ અર્પણ કરીને આ એક જીવન તો એવું વીતાવું કે અનંતકાળની મારી ભૂખ ભાંગી જાય ને મને અપૂર્વ શાંતિ મળે. આ દુર્લભ મનુષ્યભવ પામીને પણ જો મારું આત્મહિત નહીં કરું તો ક્યાંય દુઃખના આરા નથી, ને સંસારમાં ક્યાંય શાંતિ નથી. માટે આ જીવનની પ્રત્યેકક્ષણ મારા આત્માના હિત માટે જ હું વીતાવીશ.

–આમ અંદરથી ધા નાંખતો જિજ્ઞાસુ અતીન્દ્રિય આનંદનો તીવ્ર ચાહક બન્યો હોય, તેને બીજે ક્યાંય રસ આવે નહિ. ચૈતન્યનો જ પરમ રસ પોષાતો હોય; તેને સંસારનો કલબલાટ છોડી અંતરમાં આત્મપ્રાપ્તિનું એક જ ધ્યેય હોય; આત્માના અનુભવ માટે તેના અંદરમાં ઊથલપાથલ થતી હોય, અનાદિથી જે વિષયકષાયોમાં મગ્ન હતો તે હવે એકદમ રસહીન લાગે, અને અનાદિથી જે આત્મસ્વરૂપ એકદમ અપરિચિત હતું તે હવે પરિચિત લાગવા માંડે, વારંવાર તેના પરિચયનું મન થાય. દુનિયાના કોલાહલથી કંટાળેલું તેનું ચિત્ત આત્મશાંતિને નજીકમાં દેખીને એકદમ ઉલ્લસતું હોય, જેમ માતાને તલસતું બાળક માતાને દેખતાં આનંદથી ઉલ્લસે છે, ને દોડીને તેને ભેટી પડે છે; તેમ આત્મા માટે તલસતું મુમુક્ષુનું ચિત્ત આત્માને દેખીને આનંદથી ઉલ્લસે છે–ને જલદી અંદરમાં જઈને તેને ભેટે છે. જેમ તરસ્યું હરણું પાણીના તળાવ તરફ દોડે તેમ તેની પરિણતિ શાંતિના ધામ તરફ વેગપૂર્વક દોડે છે. તે મુમુક્ષુ બીજા જ્ઞાનીઓની અનુભૂતિની વાત પરમ પ્રીતિથી સાંભળે છે. અહો! આવી અદ્‌ભુત અનુભૂતિ! એમ તેનું ચિત્ત તેમાં જ તત્પર બને છે. બસ, હવે અનુભવને વાર નથી,–કામ ચાલુ થઈ ગયું છે, ઘણા જ ટૂંકા સમયમાં કાર્યસિદ્ધિ થશે–સમ્યગ્દર્શન થશે,–આમ પરમ ઉત્સાહથી તે પોતાના કાર્યને સાધે છે.

(અનુસંધાન પાનું ૧૯)

# ર...ત્ન...ત્ર...ય...ની આ...રા...ધ...ના



મહાવીરપ્રભુએ રાજગૃહીમાં વિપુલાચલ પરથી આત્માના ઇષ્ટસ્વભાવનો જે ઉપદેશ દીધો તે ઝીલીને અનેક જીવો આવા આનંદમય રત્નત્રયને પામ્યા.... આપણે પણ આજે એ જ ઉપદેશને પામીને આત્મામાં રત્નત્રય પ્રગટ કરીએ. રત્નત્રયના ભાવોવડે જ વીરપ્રભુનું ધર્મચક્ર ચાલી રહ્યું છે ને હજારો વર્ષ સુધી ચાલ્યા કરશે.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધના તે જિનમુદ્રા છે, તે વીતરાગી જિનમુદ્રા જ મોક્ષના કારણરૂપ છે ને તે પોતે સિદ્ધિસુખ છે, મોક્ષસુખના કારણરૂપ જે રત્નત્રય–

સ્વરૂપ જિનમુદ્રા તેને જ મોક્ષસુખ કહ્યું છે. જેમ પ્રવચનસારના પંચરત્નમાં ભાવલિંગી મુનિને જ મોક્ષતત્ત્વ કહ્યું છે, તેમ અહીં રત્નત્રયની આરાધનારૂપ જિનમુદ્રા તે મોક્ષ–સુખનું કારણ હોવાથી, તેમાં જ કાર્યનો ઉપચાર કરીને તેને જ મોક્ષસુખ કહ્યું છે. જિનમુદ્રા કેવી છે? કે ભગવાને જેવી આરાધી અને કહી તેવી છે; સમ્યગ્દર્શન–જ્ઞાન – ચારિત્રના આરાધક, વીતરાગતાના પિંડ મુનિ ચાલ્યા આવતા હોય–એ તો જાણે સાક્ષાત્ મોક્ષતત્ત્વ આવ્યું! અહા, આવી મુનિદશારૂપ જિનમુદ્રા જેને ન રુચે તેને આરાધનાનો જ પ્રેમ નથી. આવી જિનમુદ્રાધારક મુનિના સાક્ષાત્ દર્શન થતાં મુમુક્ષુજીવનું હૃદય આરાધના પ્રત્યેની ભક્તિથી ઊછળી જાય છે. અરે, સ્વપ્નમાં પણ જેને આવી મુનિદશા પ્રત્યે અણગમો આવે, કે તેની અરુચિ થાય, તે જીવ ગહન ભવવનમાં ભટકે છે, કેમકે તેને આરાધના પ્રત્યે તીરસ્કાર છે. ધર્મીને તો સ્વપ્નમાં પણ વીતરાગી સંત–ધર્માત્માનું બહુમાન આવે, સ્વપ્નમાં પણ મુનિ વગેરે ધર્માત્માના દર્શન થતાં ભક્તિથી તેના રોમ રોમ ઉલ્લસી જાય!

સમ્યગ્દર્શન સહિતની ચારિત્રદશા હોય ત્યાં બહારમાં પણ દિગંબર દ્રવ્યલિંગ હોય; આ રીતે અંતરમાં ને બહાર વીતરાગ જિનમુદ્રા ધારણ કરનારા સંતમુનિઓ સ્વાધીન આત્મસુખને અનુભવે છે. આચાર્યદેવ પોતે આવા સ્વાધીન સુખને અનુભવે છે. આવી જિનમુદ્રાધારક ધર્માત્મા મુનિઓના દર્શનથી જેને પ્રમોદ અને ભક્તિ નથી આવતા તે જીવ આરાધનાથી ભ્રષ્ટ વર્તતો થકો સંસારમાં જ રખડે છે. ધર્મી જીવ તો આવા આરાધકમુનિને જોતાં પ્રમોદિત થાય કે વાહ! ધન્ય આપની આરાધના!! ધન્ય આપની ચારિત્રદશા!! ધન્ય આપનો અવતાર!! સાક્ષાત્ મોક્ષનું સાધન આપ કરી રહ્યા છો.–આમ પ્રમોદથી ધર્મીજીવ રત્નત્રયની આરાધનાની ભાવના પુષ્ટ કરે છે.

રત્નત્રયના આરાધક ભાવલિંગી મુનિઓ આ લોક કે પરલોક બંનેના લોભરહિત નિરપેક્ષવૃત્તિથી અંતરમાં ચિદાનંદ પરમતત્ત્વના ધ્યાનમાં મગ્ન હોય છે, તેઓ વર્તમાનમાં જ મોક્ષસુખમાં મહાલી રહ્યા છે, ને અલ્પકાળે પૂર્ણ મોક્ષસુખને પામશે. જેના અંતરમાં લોભ રહે, આ લોકની સગવડતાની આકાંક્ષા રહે, પ્રતિકૂળતાનો ભય રહે, કે પરલોક સંબંધી આકાંક્ષા રહે તે જીવ પરમાત્મતત્ત્વના ધ્યાનમાં રહી શકતો નથી. અરે, મોક્ષસુખની ઇચ્છા તે પણ લોભ છે, તે પણ દોષ અને આસ્રવ છે, ને તેટલો લોભ પણ મોક્ષસુખને રોકનાર છે. માટે ભાવલિંગી મુનિવરો તો નિર્લોભ થઈને પરમાત્મતત્ત્વને ધ્યાવે છે, તેમાં પરમ આનંદરસનો જ પ્રવાહ વહે છે. નીચેની ભૂમિકામાં ધર્મીને

જરાક રાગ હોય છે, પણ તેને તે રાગનો લોભ નથી, આ રાગ ઠીક છે–એવો લોભ નથી, રાગના ફળમાં ઇન્દ્રપદ મળશે–એવો લોભ નથી, વિદેહક્ષેત્રમાં અવતાર થાય તો સારું – એવો પણ લોભ નથી; નિર્લોભ એવા પરમાત્મતત્ત્વને તેણે જાણ્યું છે. સર્વ પ્રકારના લોભરહિત થઈને પરમાત્મતત્ત્વના ધ્યાનમાં લીનતાથી મોક્ષ થાય છે. મોક્ષ પ્રાપ્તિનો લોભ પણ મોક્ષને અટકાવે છે, તો બીજા લૌકિક પદાર્થના કે રાગના લોભની તો શી વાત ? અરે જીવ ! આવા વીતરાગભાવરૂપ આરાધના તે મોક્ષનું કારણ છે.

મુનિવરોની મતિ દૃઢ સમ્યક્ત્વવડે ભાવિત છે, એટલે દર્શનશુદ્ધિની દૃઢતાપૂર્વક તેમને જ્ઞાનની પણ શુદ્ધતા પ્રગટી છે, આવા સમ્યગ્દર્શન અને જ્ઞાન સહિત દૃઢચારિત્ર હોય છે, ગમે તેવા પરીષહ આવે તોપણ આત્મધ્યાનથી ડગે નહિ,–એવી સમ્યગ્દર્શન –જ્ઞાન–ચારિત્રની દૃઢ આરાધના વડે આત્માને ધ્યાવતાં ધ્યાવતાં તેઓ મોક્ષપદને સાધે છે, પરમાત્મપદને પામે છે.

વાહ ! આરાધક જીવોનું સ્વરૂપ બતાવીને આચાર્યદેવ ભવ્ય જીવોને આવી આરાધનામાં જોડે છે. આરાધક જીવોનું વર્ણન સાંભળતાં આરાધના પ્રત્યે ઉત્સાહ અને ભક્તિ જાગે છે. આ રત્નત્રયની આરાધના તે સર્વ ઉપદેશના સારભૂત છે.

મહાવીરપ્રભુએ રાજગૃહીમાં વિપુલાચલ પરથી આત્માના ઇષ્ટસ્વભાવનો જે ઉપદેશ દીધો તે ઝીલીને અનેક જીવો આવા આનંદમય રત્નત્રયને પામ્યા....આપણે પણ આજે એ જ ઉપદેશને પામીને આત્મામાં રત્નત્રય પ્રગટ કરીએ. રત્નત્રયના ભાવોવડે જ વીરપ્રભુનું ધર્મચક્ર ચાલી રહ્યું છે ને હજારો વર્ષ સુધી ચાલ્યા કરશે.

જય મહાવીર.....જય રત્નત્રય....જયધર્મચક્ર.

## સુખનો સ્વાદ

ખાખરાની ખીસકોલી સાકરનો સ્વાદ ક્યાંથી જાણે ? તેમ ઇન્દ્રિયજ્ઞાનમાં જ લુબ્ધ પ્રાણી અતીન્દ્રિયસુખના સ્વાદને ક્યાંથી જાણે ? જેણે જ્ઞાનને અંતરમાં વાળીને અતીન્દ્રિય વસ્તુને કદી લક્ષગત કરી નથી તેને એ અતીન્દ્રિયવસ્તુના અતીન્દ્રિયસુખની કલ્પના પણ ક્યાંથી આવે ? જ્ઞાનીએ ચૈતન્યના અતીન્દ્રિયસુખનો અપૂર્વ સ્વાદ ચાખ્યો છે.

# સ્વયંભૂ

**આત્માને જ્ઞાનરૂપ–આનંદરૂપ–સમ્યક્ત્વરૂપ કે કેવળજ્ઞાનરૂપ થવામાં બીજા કોઈની આધીનતા નથી, સ્વયં–ભવીને પોતે તે–રૂપ થાય છે તેથી તે ‘સ્વયંભૂ’ છે.**

શુદ્ધોપયોગરૂપ પરિણમન થતાં તેના પ્રભાવથી આત્મા પોતે કેવળજ્ઞાન અને અતીન્દ્રિયસુખરૂપે પરિણમે છે, તેમાં બીજા કોઈ કારકોની અપેક્ષા નથી, આત્માને જ આધીન તે પરિણમન છે; આ રીતે શુદ્ધોપયોગથી જ (બીજા કોઈની અપેક્ષા વગર) શુદ્ધ આત્મસ્વભાવનો લાભ થાય છે. માટે બાહ્યસામગ્રી (શોધવાનો મોહ છોડો–એમ ઉપદેશ છે. અહો, આત્માનો જ્ઞાન ને આનંદ સ્વભાવ છે, તેમાં ઉપયોગને એકાગ્ર કરતાં, તે ઉપયોગના પ્રભાવથી સ્વયમેવ કેવળજ્ઞાન અને પૂર્ણ સુખરૂપે આત્મા પ્રગટ થાય છે–તેથી તે ‘સ્વયંભૂ’ છે–એના છએ કારક એનામાં જ સમાય છે, બહારના કોઈ કારકની અપેક્ષા તેને નથી.–છ કારકની સ્વાધીનતાની સરસ વાત સમજાવીને આચાર્યદેવે આત્માનો સ્વાધીન જ્ઞાનસ્વભાવ બતાવ્યો છે. (જ્ઞાનની જેમ આનંદ વગેરે સર્વે ભાવોમાં પણ સ્વાધીન છ કારક સમજી લેવા.)

‘શુદ્ધ ઉપયોગની ભાવનાનો પ્રભાવ’–એ વાત છએ કારકમાં લાગુ પાડવી. જ્યાં આત્મા આવા શુદ્ધોપયોગરૂપે પરિણમ્યો ત્યાં કર્તાપણું, કર્મપણું વગેરે છએ કારક પોતામાં જ સમાઈ ગયા.

(૧) કર્તા;–શુદ્ધોપયોગરૂપે પરિણમેલો આત્મા પોતે સ્વયં કર્તા થઈને કેવળજ્ઞાનને કરે છે. કોઈ શુભરાગે કેવળજ્ઞાન કરાવ્યું કે વજ્રસંહનનવાળું શરીર સાધન થયું–એમ નથી; તે સમયે પર્યાયમાં આત્મા પોતે કર્તા થઈને કેવળજ્ઞાનને કરે છે.

શુદ્ધ અનંતશક્તિવાળો જ્ઞાયકસ્વભાવ હોવાથી આત્મામાં સ્વતંત્રપણે કેવળજ્ઞાનનો કર્તા થવાની તાકાત છે; શરીરમાં કે રાગમાં એવું સામર્થ્ય નથી કે કેવળજ્ઞાનનું કર્તા થાય.

( ૨ ) કર્મઃ–શુદ્ધ અનંત શક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે આત્મા પોતે જ કેવળજ્ઞાનરૂપે પ્રાપ્ત થતો હોવાથી પોતે જ કર્તા છે. કેવળજ્ઞાનરૂપ કાર્યનો અનુભવ આત્મા પોતે કરે છે, પોતે તેરૂપે સ્વયં થાય છે. જેમ 'જ્ઞાનરૂપે પરિણમવાનો સ્વભાવ' કહ્યો તેમ 'સુખરૂપે પરિણમવાનો સ્વભાવ, સમ્યક્ત્વરૂપે પરિણમવાનો સ્વભાવ–એમ સર્વે ગુણોની નિર્મળપર્યાયરૂપે પરિણમવાનો આત્માનો સ્વભાવ છે, તે સ્વભાવને લીધે સ્વયંભૂ છકારકરૂપ થઈને કેવળજ્ઞાનાદિ રૂપે પરિણમે છે.

( ૩ ) સાધન અર્થાત્ કરણઃ શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે આત્મા પોતે જ સાધકતમ છે. શુદ્ધોપયોગના પ્રભાવથી આત્મા પોતે સાધકતમ થઈને કેવળજ્ઞાનરૂપ પરિણમે છે. સાધકતમ કહેતાં સાધનનું અનન્યપણું બતાવ્યું છે; શુદ્ધોપયોગરૂપ પરિણમતો આત્મા–તે જ એક ઉત્કૃષ્ટ સાધન છે ને બીજું સાધન નથી એવા અર્થમાં 'સાધકતમ' કહેલ છે. અજ્ઞાની અંતરના સ્વભાવને ભૂલીને બહારના સાધનને ઢૂંઢે છે ને મોહથી દુઃખી થાય છે. ભાઈ! સાધન થવાની તાકાત તારા સ્વભાવમાં છે–તેમાં ઉપયોગને જોડ, તો આત્મા પોતે સાધન થઈને કેવળજ્ઞાનરૂપે પ્રગટ થશે. શરીર કે શુભરાગ સાધન થાય–એ તો વાત જ નથી. મતિ–શ્રુતજ્ઞાનમાંય એવી તાકાત નથી કે કેવળજ્ઞાનનું સાધન થાય, ત્યાં શુભરાગની શી વાત?–એ તો વિરુધ્ધ જાત છે. તે સમયે આત્મા પોતે જ કેવળજ્ઞાનનું સાધન થઈને કેવળજ્ઞાનરૂપે પરિણમે છે, એનાથી જુદું એનું સાધન નથી. પર્યાયે તે સમયે પોતાના અનંતશક્તિવાળા સ્વભાવનું અવલંબન લીધું છે–તેમાં જ સાધન વગેરે છએ કારક સમાઈ જાય છે.

( ૪ ) સંપ્રદાનઃ શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે આત્મા પોતે કેવળજ્ઞાનવડે સમાશ્રિત થાય છે, કેવળજ્ઞાનરૂપી કાર્ય આત્મા પોતે પોતાને જ આપે છે, તેથી આત્મા જ કેવળજ્ઞાનનું સંપ્રદાન છે. પોતે જ સ્વયં સંપ્રદાન થઈને કેવળજ્ઞાનરૂપ થયો છે તેથી આત્મા સ્વયંભૂ છે. અહો, આવો 'સ્વયંભૂ' ભગવાન આત્મા પોતે છે, તે ભૂલીને બહારના સાધનવડે પોતાને જ્ઞાન કે સુખ થવાનું માનીને બહારમાં ઢૂંઢે છે, તે માત્ર મોહ છે, વ્યગ્રતા છે, દુઃખ છે, સ્વયંભૂ સ્વભાવ પરમસુખથી ભરેલો છે તેમાં ઉપયોગ જોડતાં જ અતીન્દ્રિયસુખ અનુભવાય છે. બીજું કોઈ તેનું સાધન છે જ નહીં.

(૫) અપાદાનઃ આત્મા કેવળજ્ઞાનરૂપે પરિણમ્યો ત્યારે પૂર્વની અપૂર્ણ જ્ઞાનદશાનો નાશ થઈ ગયો, તેનો નાશ થવા છતાં સહજ જ્ઞાનસ્વભાવપણે આત્મા ધ્રુવપણે ટકનારો છે, તેથી તે પોતે અપાદાન થઈને, તેમાંથી કેવળજ્ઞાન–પર્યાય આવે છે. પૂર્વની અધૂરી પર્યાય પણ જ્યાં કેવળજ્ઞાનનું અપાદાન થતી નથી, તેમાંથી પણ કેવળ–જ્ઞાન આવતું નથી, તો પછી રાગાદિ વિકલ્પોમાંથી કેવળજ્ઞાન આવે એ વાત ક્યાં રહી? ભાઈ, કેવળજ્ઞાન માટે તારા આત્મા સામે જો, બહાર ન જો. આત્માની સન્મુખ જોતાં સ્વયંભૂપણે તું પોતે કેવળજ્ઞાનરૂપ પરિણમી જઈશ.

(૬) અધિકરણઃ કેવળજ્ઞાન કોના આધારે થાય? શું વજ્ર શરીરના આધારે કે રાગના આધારે કેવળજ્ઞાન થાય? ના; પૂર્વપર્યાયના આધારે કેવળજ્ઞાન થાય?–ના; કેવળજ્ઞાનનો આધાર થવાની તાકાત આત્મામાં જ છે. શુદ્ધઅનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાનો જે સ્વભાવ, એટલે કે તે કાળની કેવળજ્ઞાન પર્યાય, તેનો આધાર થવાની તાકાત આત્મામાં પોતામાં જ છે. એટલે પોતે જ કેવળજ્ઞાનનું અધિકરણ છે. કેવળજ્ઞાન માટે બીજા કોઈનો આધાર લેવો પડે એવો પરાધીન આત્મા નથી. આત્મા તો એવો સ્વાધીન સ્વયંભૂ ભગવાન છે કે બીજાના આધારની અપેક્ષા વગર એકલો પોતે પોતાના સ્વભાવના આધારે જ કેવળજ્ઞાન પ્રગટ કરે.

આ રીતે, શુદ્ધોપયોગના પ્રસાદથી જે કેવળજ્ઞાન પ્રગટ થયું તેમાં સ્વતંત્રપણે આત્મા પોતે જ સ્વયમેવ છ કારકરૂપ થતો હોવાથી તે 'સ્વયંભૂ' છે. દ્રવ્ય અને ભાવરૂપ ઘાતિકર્મોને દૂર કરીને પોતે સ્વયમેવ કેવળજ્ઞાનરૂપે પ્રગટ થયો છે, તેથી આત્મા 'સ્વયંભૂ' છે.

આચાર્યદેવ કહે છે કે અહો જીવો! આત્માના આવા 'સ્વયંભૂ' સ્વભાવને તમે જાણો. બધાય આત્મા આવા 'સ્વયંભૂ' સ્વભાવવાળા છે. પોતાનું કેવળજ્ઞાનાદિ કાર્ય કરવા માટે આત્માને પરની સાથે કારકપણાનો જરાય સંબંધ નથી. આવા સ્વાધીનસ્વભાવને જાણે તો શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ માટે (એટલે સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે) કોઈ પણ બાહ્યસાધનની ઓશિયાળ રહેતી નથી. સ્વભાવની સન્મુખ શુદ્ધોપયોગ વડે જ શુદ્ધતાની પ્રાપ્તિ થાય છે. તેને બદલે મોહથી બાહ્યસામગ્રી શોધવાની વ્યગ્રતા કરી કરીને અજ્ઞાની જીવો દુઃખી થાય છે, પોતાના શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ પરને આધીન માની તે પરતંત્રતા છે, ને પરતંત્રતા તે દુઃખ

છે. સ્વાધીનસ્વભાવ સ્વયંભૂ સર્વતંત્ર સ્વતંત્રપણે જ કેવળજ્ઞાનાદિરૂપે પરિણમે છે. આવી સ્વાધીનદ્રષ્ટિ તે સ્વસન્મુખ શુદ્ધોપયોગનું કારણ છે, તેમાં જ સ્વતંત્રતા ને સુખ છે. સુખ માટે આવા પોતાના આત્મસ્વભાવને અવલંબો ને બાહ્યસામગ્રી શોધવાનો મોહ છોડો – એમ આચાર્યદેવનો ઉપદેશ છે.

*****

# રે....અનિત્યતા !

વૈરાગ્ય ! વૈરાગ્ય ! વૈરાગ્ય !

( સર્વે મૂંઝવણ મટાડવાનો અમોઘ મંત્ર )

એક બાળક આ સંસારમાં જન્મે અને હજી તો તેની માતા તેને ગોદમાં લ્યે ત્યારપહેલાં તો તે અનિત્યતાની ગોદમાં આવ્યો છે, ને તેના આયુષ્યમાંથી અસંખ્ય સમય ઓછા થઈ ગયા છે. અરે, તે પુત્ર છે કે પુત્રી–એ તેની માતાને ખબર પડે ત્યારપહેલાં તો તેનું આયુષ્ય ઘટવા માંડયું છે. આ સંસારમાં સવારે જે રાજપુત્રનો રાજ્યાભિષેક થતો જોવામાં આવે, સાંજે તે જ રાજપુત્રનો દેહ ચિતામાં બળતો જોવામાં આવે છે. રે ! સંસારની આવી ક્ષણભંગુરતા, અશરણતા, અને અસારતા ! તેને જાણીને પરમ સારભૂત અને અવિનાશી એવા પોતાના ચૈતન્યનું જ શરણ કરવા જેવું છે.

રે જીવ ! દુર્લભ અને ક્ષણભંગુર મનુષ્યપણું પામીને એને તું વેડફી નાંખીશ નહિ, ક્ષણે–ક્ષણે અત્યંત જાગૃત રહીને તારા હિતને સાધી લેજે. બહુ મુંઝવણોથી ભરેલા આ સંસારમાં તું આત્મભાવનાને ચુકીશ નહિ. સુંદર આત્મતત્ત્વની ભાવના અને વૈરાગ્ય એ સર્વે મુંઝવણ મટાડનારો ને શાંતિ આપનારો અમોઘ મંત્ર છે.

# તારા અતીન્દ્રિય-
# - આનંદનું ધામ

( વીસ વર્ષ પહેલાંની વૈશાખ સુદ એકમનું પ્રવચનઃ પ્રવચનસાર ગા. ૨૯ )

શ્રી આચાર્યભગવાન આત્માના અતીન્દ્રિયઆનંદમાં ઝૂલી રહ્યા છે......અતીન્દ્રિયઆનંદમાં ઝૂલતા એ સંતોની વાણીમાં પણ અતીન્દ્રિયઆનંદ નીતરી રહ્યો છે........

રે ભાઈ! શું તને એમ નથી લાગતું કે આત્મામાં અંદર જોતાં શાંતિનું વેદન થાય છે ને બહારમાં દૃષ્ટિ કરતાં અશાંતિ વેદાય છે!! શાંતિથી વિચારતાં તને એમ જ દેખાશે; માટે નક્કી કર કે શાંતિનું – સુખનું–આનંદનું ક્ષેત્ર મારામાં જ છે, મારાથી બહાર ક્યાંય સુખ–શાંતિ કે આનંદ નથી...નથી...ને નથી. બાહ્ય ભાવોની અપેક્ષા વગર એકલી પરમ શાંતિના વેદનસ્વરૂપ હું પોતે જ છું–એમ અનુભવ કર.

( પૂ. ગુરુદેવ )

આત્માનો જ્ઞાનસ્વભાવ છે. જિનવર ભગવાનને તે જ્ઞાનસ્વભાવ પૂરેપૂરો ખીલી ગયો છે, તેથી ભગવાન સમસ્ત પદાર્થોને જાણે છે. સમસ્ત પદાર્થોને જાણવા છતાં ભગવાન પોતાના સ્વરૂપમાં જ સ્થિત રહે છે. આત્માના આનંદસ્વભાવનો દાખલો આપીને અહીં આચાર્યદેવ તે વાત સમજાવે છે.

જેટલા ક્ષેત્રમાં સુખનું સંવેદન થાય છે તેવડો જ આત્મા છે, અને તે આત્મા જેવડું જ જ્ઞાન છે. હવે જીવ! જેટલા ક્ષેત્રમાં આનંદનું વેદન થાય છે તેટલા ક્ષેત્રમાં જ તું છો, તારા ક્ષેત્રથી બહાર તારો આનંદ નથી. આત્માને પોતાના અસંખ્ય પ્રદેશોમાં જ આનંદનું વેદન થાય છે, તે આનંદનો વિસ્તાર થઈને કાંઈ બહારમાં ફેલાતો નથી, એટલે આત્માથી બહાર કોઈ પદાર્થોમાં આનંદ નથી, ને તે કોઈ પદાર્થોના આશ્રયે

તેનું સમાધાન–એક તો અહીં સર્વજ્ઞની વાત છે; લોકાલોકને જે જ્ઞાન જાણે તે જ્ઞાનની સાથે એકાંત સુખ જ હોય છે, તે જ્ઞાનની સાથે દુઃખ હોતું જ નથી. અને બીજું–જેને આવા સર્વજ્ઞની ને જ્ઞાનસ્વભાવની પ્રતીત થઈ છે એવા સાધકને પોતાના સ્વસંવેદનમાં આનંદ છે,–સુખ છે, તેથી પોતાના સ્વસંવેદનજ્ઞાનથી તે નક્કી કરે છે કે અહો! મારા જ્ઞાન અને સુખનું ક્ષેત્ર મારા આત્મામાં જ છે, મારો આત્મા જ જ્ઞાન અને સુખનું ધામ છે; મારા જ્ઞાન અને સુખ માટે બીજા કોઈ પદાર્થની અપેક્ષા મને નથી, મારું સ્વક્ષેત્ર જ સ્વયં જ્ઞાન અને સુખસ્વભાવથી ભરેલું છે.

ભાઈ! તને એમ નથી લાગતું કે આત્મામાં અંદર જોતાં શાંતિનું વેદન થાય છે ને બહારમાં દ્રષ્ટિ કરતાં અશાંતિ વેદાય છે! માટે નક્કી કર કે શાંતિનું–સુખનું–આનંદનું ક્ષેત્ર તારામાં જ છે, તારાથી બહાર ક્યાંય સુખ–શાંતિ કે આનંદ નથી....નથી...ને નથી. બહારમાં પર લક્ષે તને જે આકુળતા વેદાય છે તે આકુળતાનું (અશાંતિનું દુઃખનું) ક્ષેત્ર પણ તારામાં જ છે, કાંઈ બહારથી તે આકુળતા નથી આવતી. તેમ અંતર્મુખ થઈને એકાગ્ર થતાં અનાકુળ શાંતિનું–અતીન્દ્રિય આનંદનું જે વેદન થાય છે તે પણ આત્માના સ્વક્ષેત્રપ્રમાણમાં જ થાય છે, બહારથી તે આનંદ નથી આવતો, તેમ જ તે આનંદનો વિસ્તાર થઈને આત્માથી બહાર પણ નીકળી જતો નથી. આ રીતે આનંદના પ્રમાણમાં આત્મા છે, ને આત્માના પ્રમાણમાં જ્ઞાન છે. કેવળી ભગવાનને પરિપૂર્ણ આનંદ ને પરિપૂર્ણ જ્ઞાન છે તે પણ પોતામાં છે, તેનું ક્ષેત્ર બહાર નથી. પહેલાં થોડું જ્ઞાન ને થોડું સુખ હતું પછી કેવળજ્ઞાન થતાં ઘણું જ્ઞાન અને ઘણું સુખ થયું માટે તે આત્માથી જરાય બહાર નીકળી ગયું–એમ નથી. સ્વક્ષેત્રમાં જ પરિપૂર્ણ જ્ઞાન અને સુખની તાકાત ભરી છે. અહો! પૂર્ણજ્ઞાન ને પૂર્ણ આનંદનું ક્ષેત્ર અહીં મારા આત્માના અસંખ્ય પ્રદેશમાં જ છે, પ્રદેશે પ્રદેશે જ્ઞાન આનંદ ભર્યો છે, કોઇ પ્રદેશ જ્ઞાન–આનંદ વગરનો ખાલી નથી; અત્યારે (સાધકદશામાં) મને મારા જ્ઞાન કે આનંદનું વેદન મારા આત્મામાં જ થાય છે, તો આ જ્ઞાન ને આનંદ વધીને જ્યાં પૂર્ણ થયા ત્યાં (–સર્વજ્ઞદશામાં) પણ તે જ્ઞાન ને આનંદ આત્મામાં જ વ્યાપીને રહેલા છે;–આમ સાધકને પોતાના આનંદના સ્વસંવેદનપૂર્વક સર્વજ્ઞનો નિર્ણય છે. જે જીવ આત્માના જ્ઞાન–આનંદસ્વભાવનો આવો નિર્ણય કરે તેને પોતામાં સ્વભાવના આશ્રયે અતીન્દ્રિય આનંદનું સ્વસંવેદન થયા વિના રહે નહિ, ને તેને વિકારથી પણ ભેદ પડી જાય. સાધકદશામાં અલ્પ વિકાર હોય છે, તે વિકારનું અને જ્ઞાન–આનંદનું એક જ ક્ષેત્ર હોવા

છતાં જ્ઞાનીને પોતાના વેદનમાં બંનેની ભિન્નતા થઈ ગઈ છે; ક્ષેત્રથી ભિન્નતા ન થાય, પણ વેદનના સ્વાદમાં જુદા પડી ગયા છે. અંતરના સ્વભાવમાં જોતાં મને મારા આનંદનું વેદન થાય છે માટે મારો આત્મા જ મારા જ્ઞાન–આનંદનો આધાર છે; ને અંતર્સ્વભાવમાં જોતાં પુણ્ય–પાપ વેદાતા નથી માટે મારો આત્મા તે વિકારનો આધાર નથી,–આમ અંતરના સ્વસંવેદનપૂર્વકનું ભેદજ્ઞાન જ્ઞાનીને વર્તે છે.

અજ્ઞાની કહે છે કે બહારમાં જોતાં જ્ઞાન થાય છે ને બહારથી આનંદ આવે છે, – તેને અંતરના સ્વભાવના જ્ઞાન આનંદનો વિશ્વાસ નથી. જ્ઞાની કહે છે કે અંતરમાં જોતાં મને મારા આનંદનું વેદન થાય છે, ને જ્યાં આનંદનું વેદન થાય છે ત્યાં જ મારું જ્ઞાન છે. આનંદ અને જ્ઞાનસ્વભાવથી એકાકાર મારો આત્મા છે.

**જ્યાં આનંદ ત્યાં આત્મા, અને જ્યાં આત્મા ત્યાં જ્ઞાન;**

આ રીતે આનંદના ન્યાયે જ્ઞાનનું આત્મપ્રદેશીપણું જ છે. અહો! જ્ઞાનનું આત્મપ્રદેશીપણું સમજાવતાં આચાર્યદેવે આત્માનો આનંદસ્વભાવ પણ બતાવી દીધો, આચાર્યભગવાન આત્માના અતીન્દ્રિય આનંદમાં ઝૂલી રહ્યા છે....અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા સંતોની વાણીમાં પણ અતીન્દ્રિય–આનંદ નીતરી રહ્યો છે.

વંદન હો.....એ આનંદધામમાં વસનારા સંતોના ચરણમાં!

न दुःखबीजं शुभदर्शनक्षिप्तौ कदाचन क्षिप्रमपि प्ररोहति।

सदाप्यनुप्तं सुखबीजमुत्तमं कुदर्शने तद्विपरीतमिष्यते।।

અર્થાત્ સમ્યગ્દર્શન–ભૂમિકા એવી સુંદર છે કે તેના ઉપર કદાચિત દુઃખનાં બીજ પડી જાય તોપણ તે કદી ઊગતા નથી,–બળી જાય છે. અને તે ભૂમિ પર ઉત્તમ સુખનાં બીજ તો વગર વાવ્યે પણ સદાય ઊગ્યા જ કરે છે. જ્યારે મિથ્યાદર્શનની વાત તેનાથી વિપરીત છે, અર્થાત્ મિથ્યાત્વભૂમિકામાં સુખનાં બીજ ઊગતા નથી, ને દુઃખનાં બીજ તો હંમેશ ઉગ્યા કરે છે.

આ રીતે સમ્યક્ત્વ તે સર્વસુખનું બીજ છે; ને મિથ્યાત્વ તે દુઃખનું બીજ છે; એમ જાણીને સમ્યક્ત્વને સેવો ને મિથ્યાત્વને છોડો.

(સાગારધર્મામૃત)

* ( સમ્યક્ત્વ લેખમાળા : પાનું ૮ થી ચાલુ ) *

મારો ચૈતન્યભગવાન આત્મા દેહથી ભિન્ન, રાગથી પાર–એમ જ્યાં આત્માની પ્રભુતા જ્ઞાનીના શ્રીમુખેથી સાંભળે ને અંતરમાં વિચારે ત્યાં તો પોતાની પ્રભુતા એને નજરે તરવરતી હોય! અહા, મારામાં આવી પ્રભુતા!–તો હવે તેમાં જ કેમ ન ઠરું! એકક્ષણ પણ હવે દુઃખમાં કેમ રહું! એમ તેના અંતરમાં એકદમ ચોંટ લાગી જાય. અત્યારસુધી મારું આવું જિનસ્વરૂપ હોવા છતાં મેં તેને ન પીછાન્યું, પણ હવે તો મારે આત્મકલ્યાણનો ઉત્તમ અવસર આવી ગયો છે.–આ અવસર ચુકવાનો નથી, હવે સદાને માટે આ ભવથી છૂટીને આત્મામાં જ વિસામો લેવો છે, અને તેના શાંત નિર્વિકલ્પરસનું જ પાન કરવું છે. વાહ! જુઓ તો ખરા, મુમુક્ષુની આત્મજિજ્ઞાસા!!

તે સમ્યક્ત્વસન્મુખ જીવ ચૈતન્યમાં ઊતરીને અંતર્શોધ કરે છે કે મારું ચૈતન્ય–જ્ઞાયકતત્ત્વ બધાથી અસંગ કેવળ આનંદમૂર્તિ કેવું છે ? રાગાદિ ક્ષણિક ભાવો તો નવા નવા આવે છે અને ચાલ્યા જાય છે, મારો ચૈતન્યભાવ તેનાથી જુદો છે, તે વિભાવરૂપ કદી થયો જ નથી, વિકલ્પોના કોલાહલો શાંત ચૈતન્યમાં પ્રવેશતા નથી. જેમ બરફમાં જ્યાં જુઓ ત્યાં શીતળતા જ ભરી છે તેમ મારા ચૈતન્યમાં પણ જ્યાં જોઉં ત્યાં સુખ –આનંદ–શાંતિની શીતળતા જ વેદાય છે,–આમ તે ચૈતન્યનું સ્વસંવેદન કરીને સમ્યગ્દ્રષ્ટિ થાય છે; ચમકદાર હીરો ગમે ત્યાં હો પણ તેની કિંમત તો એકસરખી જ છે, તેમ ચૈતન્યહીરો ગમે તે શરીર વચ્ચે, સંયોગો વચ્ચે કે રાગ વચ્ચે હો–પણ તેના ચૈતન્યભાવની કિંમત એકસરખી જ છે; ચૈતન્યભાવ તો તે બધાથી છૂટેછૂટો ચૈતન્યભાવ જ રહે છે, તે અન્યથા થતો નથી, પરભાવથી લેપાતો નથી.

સમ્યગ્દર્શન પહેલાંની આત્મિક વિચારધારા અતિ ઉગ્ર હોય છે; જેમ રજપૂત કેસરિયા કરે તેમ આત્મા માટે તેણે કેસરિયા કર્યાં છે,–કેસરિયા કરીને આત્મામાં ઝંપલાવે છે ને મોહને તોડીને સમ્યગ્દર્શન પામી વિજેતા ‘જિન’ બની જાય છે. ભલે નાનો–પણ તે जिन’ છે. આવી સમ્યક્ત્વરૂપ જિનદશાને ઝંખતા મુમુક્ષુને સર્વથી અલિપ્ત રહેવાની વૃત્તિ હોય; જ્યાં ચૈતન્યભાવનાની પુષ્ટિ થાય એવો સંગ જ તેને હિતકર લાગે....મારે મારા શુદ્ધાત્માના દર્શન કરવા છે–તે એક જ લગની હોય; ગુરુને પણ વારંવાર આ જ પ્રશ્ન પૂછે ને આ જ વાત સાંભળે કે મને આત્મપ્રાપ્તિ કેમ થાય! ‘બા’ થી વિખુટા પેલા બાળકને જેમ ‘મારી બા....મારી બા’ તે એક જ રટણ હોય, એ સિવાય બીજે ક્યાંય તેને ચેન ન પડે; તેની નજર તેની બાને જ શોધતી હોય....

અને તે મળતાં જ એકદમ વહાલથી તેને ભેટી પડે!–તેમ આત્માની સ્વાનુભૂતિરૂપી માતા, તેનાથી વિખુટા પડેલા મુમુક્ષુને ‘મારો આત્મા, મારો આત્મા’–એમ તેની એકની જ લગની હોય, તેને શોધવામાં જ તે સર્વપ્રયત્ન લગાવે, એના સિવાય બીજા શેમાંય એને ચેન ન પડે; સ્વાધ્યાય–વિચાર, શ્રવણ–પૂજા–ગુરુસેવા વગેરે સર્વ કાર્યની વચ્ચે તેની નજર પોતાના સ્વરૂપને જ શોધતી હોય, અને જ્યાં તે લક્ષગત થાય ત્યાં ઝડપથી ઉપયોગને તેમાં વાળી પરમ વહાલથી તેને ભેટીને તે–રૂપ થઈ જાય. બસ! આવી અનુભૂતિ તે જ સમ્યગ્દર્શન! તે જ મુમુક્ષુનું સાચું જીવન!!

અંતરમાં આવા અલૌકિક આત્મજીવનની સાથે તેનું લૌકિક જીવન પણ ખૂબ ઊંચું હોય છે. જેવી શાંતિ હું પામ્યો તેવી શાંતિ સર્વે જીવો પામે; મારા નિમિત્તે જગતમાં કોઈને દુઃખ ન હો, ને મને ક્યાંય રાગદ્વેષ ન હો, અરે, જેનાથી મારે અત્યંત ભિન્નતા, જેની સાથે મારે કાંઈ સંબંધ નહીં–એવા આ બધા પરદ્રવ્યો તેમાં ગમો–અણગમો શું? વ્યર્થ રાગ–દ્વેષ કરીને હું શા માટે દુઃખી થાઉં!–એમ ભેદજ્ઞાનના બળે તેને વીતરાગતાની ભાવના હોય છે, દેવ–શાસ્ત્ર–ગુરુ–સાધર્મીજનો તે બધા પ્રત્યે તેને પ્રમોદભાવ આવે છે, અહો! ભયંકર ભવદુઃખોથી છોડાવીને જેમણે જીવનનું સર્વસ્વ આપ્યું, અપૂર્વ સમ્યક્ત્વ આપ્યું, તેમના ઉપકારની શી વાત! એમ દેવ–ગુરુનો પરમ ઉપકાર માનતો, અને સર્વે જીવોનું હિત ઇચ્છતો તે મુમુક્ષુ પૂર્ણ શુદ્ધાત્મપ્રાપ્તિના ધ્યેય તરફ આગળ ને આગળ વધતો જાય છે, સ્વધ્યેયને ક્યારેય ચુકતો નથી.

અહો! સમ્યક્ત્વ–જીવનના અપાર મહિમાનું શું કહેવું! શાસ્ત્રોએ ઠેર–ઠેર એનાં ગાણાં ગાયા છે; પણ જડ–શબ્દો એ સ્વસંવેદ્ય વસ્તુનું કેટલુંક વર્ણન કરી શકે? જેણે કોઈ ધન્ય પળે ચૈતન્યહીરાને પારખી લીધો ને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું તે જ્ઞાની ધર્માત્માની દશા આશ્ચર્યકારી છે; જગતમાં સર્વશ્રેષ્ઠ એવા સમ્યક્ત્વને પ્રાપ્ત કરનાર તે જ્ઞાનીને આત્મપ્રાપ્તિનો અપૂર્વ આનંદ હોવા છતાં તેટલાથી જ તે પૂરો સંતુષ્ટ થઈ જતો નથી, પણ પૂર્ણતાની ભાવનાપૂર્વક તેને માટે પ્રયત્નશીલ રહે છે. અહો! મારા ત્રિકાળી સ્વભાવમાં કેવળજ્ઞાન અને સિદ્ધપદના પૂર્ણાનંદથી ભરેલી અનંતી પર્યાયરૂપે થવાની તાકાત છે–તેને મેં જાણી છે,–તો હું આ અલ્પ પર્યાયમાં કેમ સંતોષ પામું! ક્યાં સર્વજ્ઞ ભગવંતો! ક્યાં મહા ઋદ્ધિધારી મુનિ ભગવંતો! હું તો તેમનો દાસાનુદાસ છું...ને મને એવી ધન્યદશા ક્યારે થાય તેની ભાવના ભાવું છું... આમ ધર્મી જીવને સમ્યક્ત્વ પછી ધર્મવૃદ્ધિની ઉત્તમ વિચારધારા હોય છે.

જીવ ચારેગતિમાં સમ્યગ્દર્શન પામી શકે છે. ચારમાંથી કોઈ ગતિમાં સમ્યગ્દ્રષ્ટિ હો, તે બધા સમ્યગ્દ્રષ્ટિની આત્મપ્રતીતિ તો સમાન જ છે, સમ્યક્ત્વનો અતીન્દ્રિય આનંદ પણ સરખો છે, તત્ત્વનિર્ણય પણ સરખો જ છે....સંયોગો ચાહે ગમે તે હો. બધા સમ્યગ્દ્રષ્ટિ જાણે છે કે–'શુદ્ધોહં, ચિદ્રૂપોહં, નિર્વિકલ્પોહં'–હું શુદ્ધ ચૈતન્યરૂપ છું, બહારની કોઈ પણ વસ્તુ મને સ્પર્શતી નથી; પર્યાય પહેલાં રાગાદિને સ્પર્શતી, તે હવે જુદી પડીને, જ્ઞાનરૂપ થઈને જ્ઞાનસ્વભાવી આત્માને સ્પર્શી; એટલે પરભાવોથી અલિપ્ત બની ગઈ. જેમ પાણીની વચ્ચે પણ કમળપત્ર પાણીથી અલિપ્ત છે, તેમ રાગાદિની વચ્ચે તથા બાહ્ય સંયોગોની વચ્ચે પણ સમ્યગ્દ્રષ્ટિનો ચૈતન્યભાવ તે બધાથી અલિપ્ત છે, એટલે એને જ સાચો વૈરાગ્ય છે, ભલે ઉત્કૃષ્ટ શુભરાગ હોય તોપણ તેમાં તેની ચેતના તન્મય થતી નથી, જુદી જ રહે છે. ચૈતન્યની શાંતિ પાસે તેને બધાય રાગાદિ કષાયભાવોનું વેદન આગ સમાન લાગે છે, એટલે તેનાથી ભિન્ન એવા ચૈતન્યના સમરસને જ નિજરસપણે વેદે છે. [ राग आग दहे सदा....तातैं शमामृत सेइये। ]

અહા એવા સાધકજીવોની શાંતિ દેખીને બીજા જીવોને પણ આત્મસાધનાની પ્રેરણા મળે છે. મહા ભાગ્યથી આપણને અત્યારે પણ આવા શાંતરસમય સમ્યગ્દ્રષ્ટિ જીવો સોનગઢમાં સાક્ષાત્ જોવા મળે છે,–તેમને વંદન હો!

## * અનુભૂતિકી મહિમા *

ગાથા ૧૪૩–૧૪૪ મેં અનુભવકી બહુત અચ્છી બાત સમજાઈ હૈ. અનુભવ સબકે સબ વિકલ્પોંસે પાર હૈ–ચાહે વહ વિકલ્પ શુદ્ધાત્માકા ભી ક્યોં ન હો. જૈસે કેવલીભગવાનકો વિકલ્પ નહીં વૈસે સાધકકો ભી અનુભવમેં વિકલ્પ નહીં. સાધકકી અનુભવદશા કિતની ગહરી–ગંભીર હૈ વહ કેવલી ભગવાનકા દ્રષ્ટાન્ત દેકરકે આચાર્યદેવને સમઝાયા હૈ.

–નિર્વિકલ્પ અનુભૂતિનો મહિમા કેવો ઊંડો અને ગંભીર છે કે શ્રુતજ્ઞાની સાધકની અનુભૂતિનું સ્વરૂપ સમજાવવા માટે આચાર્યદેવને કેવળીભગવાનનું ઉદાહરણ આપવું પડ્યું.

આનંદમય આ સમયપ્રાભૃત અજોડ જગનું નેત્ર છે;
વિજ્ઞાનઘન–આનંદમય–અક્ષણ અહો નિજાત્મ છે;
સ્વાનુભૂતિનાં નેત્રથી પ્રત્યક્ષ દર્શન થાય છે.
કુંદકુંદસ્વામી પરમ ગુરુ! ઉપકાર અપરંપાર છે.

## મહાવીર ભગવાનના મુક્તિધામમાં ( પૃષ્ઠ ૧ થી ચાલુ )

અને, જુઓ–જુઓ ! આ ધર્મશાળાના જિનમંદિરમાં મહાવીર ભગવાન ઊભા છે. અહા, દિવ્ય પ્રશાંત અને પ્રસન્નરસઝરતી એમની ગંભીરમુદ્રા જોતાં પરમ શાંતિ થાય છે ને આત્મધ્યાન માટે વીરતા જાગે છે. એમના સ્વરૂપમગ્ન સ્થિરનયનો જોતાં જાણે હમણાં જ મોક્ષમાં જવાની તૈયારી કરીને અયોગીપણે ઊભા હોય !–એવા વીર વીતરાગી સર્વજ્ઞ મહાવીરના દર્શન થાય છે : 'ભગવાન આ અહીં જ ઊભા ! ' ધન્ય ભગવાન....આપનું દિવ્ય દર્શન !

જલમંદિરની વચ્ચે ખીલેલાં કમળો મુખ ખોલીને યાત્રિકને કહે છે કે વીરપ્રભુ સંસારથી અલિપ્ત હતા.....તેમના સંગે અમે પણ અલિપ્તસ્વભાવી થઈ ગયા. આમ મોક્ષધામની અદ્‌ભુત શોભા નીહાળતાં–નીહાળતાં, ને મોક્ષના મહિમાવંત સ્વરૂપનું ચિન્તન કરતાં–કરતાં સરોવરની વચ્ચેના મંદિરમાં વીરપ્રભુના ચરણે પહોંચીએ છીએ ત્યારે તો ચૈતન્યના તાર પરમ વૈરાગ્યથી ઝણઝણી ઊઠે છે; ચારેકોર બસ વૈરાગ્ય.... વૈરાગ્ય....વૈરાગ્ય !! મોક્ષના ધામમાં બીજું શું હોય ?–ત્યાં કાંઈ અશાંતિ કે રાગ ન હોય; તેમ અહીં સર્વત્ર શાંતિ ને વીતરાગતાની છાયા છવાઈ રહી છે....ને તેની વચ્ચે બેઠેલો મુમુક્ષુ ચૈતન્યના ચિન્તનવડે જાણે કે મોક્ષસુખનો જ લહાવો લઈ રહ્યો હોય ! એવી દશા અનુભવે છે. ભગવાનના વિરહમાં તે રોતો નથી પરંતુ જ્ઞાન અને ભક્તિના બળે ભગવાનને સાક્ષાત્‌રૂપ કરીને બેધડકપણે આત્મસાક્ષીથી કહે છે કે–હે નાથ ! અમને અહીં મુકીને આપ ભલે મુક્તિપુરીમાં પધાર્યા, પરંતુ અમે આપની મુક્તિપુરી જોઈ છે, એ મુક્તિપુરનો માર્ગ પણ જોયો છે, ને આપના શાસનના ધોરીમાર્ગે અમેય આપની પાસે આવી રહ્યા છીએ.

* जय महावीर *

# અધ્યાત્મ રસ ઘોલન

## નવીન સ્વાધ્યાય

( પાહુડ દોહાનો અનુવાદ : લેખાંક ( ૫ )

૧૬૦. હે યોગી! પાંદડાં તોડ મા, ને ફળને પણ હાથ ન લગાવ પણ જેને માટે તું તે તોડે છે તે શિવને જ અહીં ( પાંદડા પર ) ચઢાવી દે! વ્યંગમાં કવિ કહે છે કે હે શિવપુજારી! જો શિવ પાંદડાંથી જ પ્રસન્ન થતા હોય તો, તેમને જ ઝાડ ઉપર ચઢાવી દેને!

૧૬૧. દેવાલયના પાષાણ, તીર્થનું જળ કે પોથીનાં સર્વે કાવ્યો,–વગેરે જે વસ્તુઓ ખીલેલી દેખાય છે તે બધી ઇંધન થઈ જશે. ( તે બધાને ક્ષણભંગુર જાણીને અવિનાશી આત્માને ધ્યાવ. )

૧૬૨. અનેક તીર્થોમાં ભ્રમણ કરવા છતાં કોઈ ફળ તો ન થયું. બહારમાં તો પાણી વડે શુદ્ધ થયો પણ અંતરમાં શું શુદ્ધિ થઈ ?

૧૬૩. હે વત્સ! તું અનેક તીર્થોમાં ભમ્યો, અને શરીરના ચામડાને પાણીથી ધોયું, પણ પાપમળથી મલિન એવા તારા મનને તું કઈ રીતે ધોઈશ ?

૧૬૪. હે જોગી! જેનાં હૈયામાં જન્મ–મરણ વગરના એક દેવ નથી વસતા, તે જીવ પરલોકને ( મોક્ષને ) કઈ રીતે પામશે ?

૧૬૫. એક તત્ત્વ તો સારી રીતે જાણે છે, બીજું તત્ત્વ કાંઈ જાણતું નથી. સર્વને જાણનાર એવા આત્મતત્ત્વનું ચરિત્ર દેવો પણ નથી જાણતા; જે અનુભવે છે તે જ તેને બરાબર જાણે છે. પૂછપરછ વડે એની સંતૃપ્તિ ક્યાંથી થાય? ( આત્મતત્ત્વ સ્વાનુભવગમ્ય છે, વાદ–વિવાદથી કે પૂછપરછથી તે પ્રાપ્ત થતું નથી. )

૧૬૬. જાણવા છતાં, તે તત્ત્વ નથી તો લખવામાં આવતું, કે પૂછનારને નથી કહી શકાતું; કહેવાથી કોઈના ચિત્તમાં તે ઠરતું નથી. અથવા ગુરુના ઉપદેશથી, જો તે ચિત્તમાં ઠરે છે તો તેને ચિત્તમાં ધારણ કરનારને તે સર્વત્ર અંતરમાં સ્થિત રહે છે.

૧૬૭. નદીનું પાણી દરિયાદ્વારા વિરુધ્ધ દિશામાં પાછું ઠેલાય છે, મોટું જહાજ પણ પવન વડે વિરુધ્ધ દિશામાં ખેચાય છે; તેમ જ્ઞાન અને અજ્ઞાનનો સંઘર્ષ થતાં બીજી જ પ્રવૃત્તિ થાય છે. ( કુસંગથી જીવ અજ્ઞાન તરફ ખેંચાઈ જાય છે. )

૧૬૮. આકાશમાં જે વિવિધ શબ્દો (એટલે કે દિવ્યધ્વનિનો ઉપદેશ) છે તેને સુમતિ અનુસરે છે, પણ દુર્મતિ તેને અનુસરતો નથી. પાંચ ઇન્દ્રિય સહિત મન જ્યારે અસ્ત થઈ જાય છે ત્યારે પરમતત્ત્વ પ્રગટ થાય છે. તેમાં હે મૂઢ! તું સ્થિર થા.

૧૬૯. અરેરે, અક્ષય નિરામય પરમગતિની પ્રાપ્તિ હજી પણ ન થઈ! મનની ભ્રાંતડી ભાંગી નહીં, ને એમ ને એમ દિવસો વીતી રહ્યા છે.

૧૭૦. હે યોગી! વિષયોથી તારા મનને રોકીને શીઘ્ર સહજ અવસ્થારૂપ કર; અક્ષય નિરામય સ્વરૂપમાં પેસતાં જ સ્વયં તેનો સંહાર થઈ જશે.

૧૭૧. અક્ષય નિરામય પરમ ગતિમાં પ્રવેશીને મનને છોડી દે.–એમ કરવાથી તારી આવાગમનની વેલ તૂટી જશે.–એમાં ભ્રાંતિ ન કર.

૧૭૨. આ પ્રમાણે ચિત્તને અવિચળ–સ્થિર કરીને આત્માનું ધ્યાન થાય છે; અને આઠે કર્મોને હણીને સિદ્ધિ મહાપુરીમાં પહોંચાય છે.

૧૭૩. શાહી વડે લખાયેલા ગ્રંથો વંચાઈ–વંચાઈને ક્ષીણ થઈ ગયા, તોપણ હે જીવ! તું કયાં ઊપજ્યો ને ક્યાં લીન થઈશ તે એક પરમ કળાને તેં ન જાણી. (માત્ર શાસ્ત્ર ભણ્યો પણ આત્માને ન જાણ્યો.)

૧૭૪. જેણે બે મટાડીને એક કર્યું (–ભેદ મટાડીને અભેદ કર્યું, અથવા રાગ–દ્વેષ મટાડીને સમતા કરી), અને વિષય–કષાયોરૂપી બેલ વડે મનની વેલને ચરવા ન દીધી, તે ગુરુની હું શિષ્યાણી છું, બીજા કોઈની લાલસા હું નથી કરતી.

૧૭૫. આગળ, પાછળ, દશે દિશામાં હું જ્યાં જોઉં ત્યાં સર્વત્ર તે જ છે; બસ, હવે મારી ભ્રાંતિ મટી ગઈ, બીજા કોઈને પૂછવાનું ન રહ્યું.

૧૭૬. જેમ લવણ પાણીમાં વિલીન થઈ જાય છે તેમ ચિત્ત ચૈતન્યમાં વિલીન થતાં જીવ સમરસી થઈ જાય છે.–સમાધિમાં આ સિવાય બીજું શું કરવાનું છે?

૧૭૭. એકવાર પણ જો તે ચૈતન્યદેવના પદને પામું તો તેની સાથે અપૂર્વ ક્રીડા કરું; – જેમ નવા ઘડામાં પાણીનું ટીપું સર્વાંગ પ્રવેશી જાય તેમ હું તેમાં સર્વાંગે પ્રવેશી જાઉં.

૧૭૮. એક તીર્થથી બીજા તીર્થમાં ભ્રમણ કરનાર જીવ માત્ર દેહને સંતાપ કરે છે; પણ આત્મામાં આત્માને ધ્યાવતાં તે નિર્વાણપદને પામે છે. તેથી આત્માને ધ્યાવીને તું નિર્વાણમાં પગ માંડ!

૧૭૯. હે યોગી! જે પદને દેખવા માટે તું અનેક તીર્થોમાં ભમતો ફરે છે, તે શિવપદ પણ તારી સાથે ને સાથે જ ફર્યું.....છતાં પણ તું તેને ન પામી શક્યો! (–કેમકે શિવપદને તે બહારના તીર્થોમાં શોધ્યું પણ અંતર્સ્વભાવમાં દૃષ્ટિ ન કરી.)

૧૮૦. મૂઢ જીવો, લોકો દ્વારા બનાવેલા દેવળમાં દેવને શોધે છે, પણ પોતાના જ દેહદેવળમાં શિવ–સંત બિરાજમાન છે તેને તેઓ દેખતા નથી.

૧૮૧. હે યોગી! તેં ડાબી બાજુ ને જમણી બાજુ બધે ઇન્દ્રિયવિષયોરૂપી ગામ વસાવ્યું, પણ અંતરને તો સૂનું રાખ્યું. ત્યાં પણ એક બીજું (ઇન્દ્રિયાતીત) ગામ વસાવ!

૧૮૨. હે દેવ! મને તારી ચિંતા છેઃ જ્યારે આ મધ્યાહ્નનો પ્રસાર વીતી જશે ત્યારે તું તો પોઢી જઈશ, ને આ પાલી સૂની પડી રહેશે. (આત્મા છે ત્યાં સુધી આ ઇન્દ્રિયોની નગરી વસેલી લાગે છે; આત્મા ચાલ્યો જતાં તે બધું શૂનકાર ઉજ્જડ થઈ જાય છે;–માટે વિષયોથી વિમુખ થઈને આત્માને સાધી લે.)

૧૮૩. હે સ્વામી! મને કોઈ એવો અપૂર્વ ઉપદેશ આપો કે જેથી મિથ્યાબુદ્ધિ તડાક કરતી તૂટી જાય, ને મન પણ અસ્તગત થઈ જાય. બીજા કોઈ દેવોનું મારે શું કામ છે?

૧૮૪. જે સકલીકરણને કે પાણી–પત્રના ભેદને જાણતો નથી, ને આત્માનો પરમાત્મા સાથે સંબંધ કરતો નથી, તે તો પત્થરના ગાંગડાને દેવ તરીકે પૂજે છે.

૧૮૫. જેણે આત્માને પરમાત્મા સાથે જોડયો નથી ને આવાગમન મટાડયું નથી, તેને ફોતરાં કૂટતાં ઘણો કાળ વીતી ગયો તોપણ તાંદુલનો એક્કેય દાણો હાથમાં ન આવ્યો.

૧૮૬. દેહદેવળમાં તું પોતે શિવ વસે છે, અને તું તેને બીજા દેવળમાં ઢુંઢે છે! અરે, સિદ્ધપ્રભુ ભીક્ષા માટે ભમી રહ્યા છે–એ દેખીને મને હાસ્ય (આશ્ચર્ય) થાય છે.

૧૮૭ વનમાં, દેવાલયોમાં અને તીર્થોમાં ભ્રમણ કર્યું, આકાશમાં પણ ફરીને જોયું,–પણ અરેરે! આ ભ્રમણમાં ઘેટા અને પશુ જેવા લોકો જ ભેટયા......(ભગવાનનો તો ભેટો ક્યાંય ન થયો!)

૧૮૮. પુણ્ય અને પાપ બંનેના માર્ગને છોડીને અલખની અંદર જવાય છે; તે બંનેનું (પુણ્ય–પાપનું) કાંઈ એવું ફળ નથી મળતું કે જેનાથી લક્ષ્યની પ્રાપ્તિ થાય.

૧૮૯. હે જોગી! જોગની ગતિ વિષમ છે; મન વાર્યું રહેતું નથી, ને ઇન્દ્રિયવિષયોના

સુખમાં બલિ–બલિ જાય છે–ફરીફરીને ઇન્દ્રિયવિષયોમાં ભમે છે.

૧૯૦. હે યોગી ! દેખો, આ ચૈતન્ય–કરભ ( હાથીનું બચ્ચું અથવા ઊંટ ), તેની ગતિ કેવી વિપરીત–વિચિત્ર છે !–કે તે બંધાયેલું હોય ત્યારે તો ત્રણભુવનમાં પરિભ્રમણ કરે છે ને છૂટું હોય ત્યારે એક પગલું પણ નથી ભરતું. ( જગતમાં સામાન્યપણે એમ છે કે ઊંટ વગેરે પ્રાણી છૂટા હોય તે ચારેકોર ફરે, ને બંધાયેલા હોય તે હરીફરી ન શકે; તેને બદલે આત્માની ગતિ એવી વિચિત્ર છે કે તે જ્યારે કર્મબંધનથી છૂટો ( મુક્ત ) હોય ત્યારે તો એક પગલુંય ચાલતો નથી–સ્થિર જ રહે છે, ને જ્યારે તે બંધાયેલો હોય ત્યારે ચારે ગતિમાં ત્રણલોકમાં ભ્રમણ કરે છે. )

૧૯૧. અરેરે, સંસારમાં ભમતાં જીવને નથી તો સંત દેખાતા, કે નથી તત્ત્વ દેખાતું; અને પરની રક્ષાનો ભાર ખભે લઈને ફરે છે–ઇન્દ્રિયો અને મનરૂપી ફોજને સાથે લઈને પરની રક્ષા માટે ભમ્યા કરે છે !

૧૯૨. જે ઉજ્જડને તો વસાવે છે ને વસેલાને ઉજ્જડ કરે છે, જેને નથી તો પુણ્ય કે નથી પાપ,–અહો ! એવા યોગીની બલિહારી છે. હું તેમને બલિ જાઉં છું–અર્પણતા કરું છું.

૧૯૩. જે પુરાણા કર્મોને ખપાવે છે, નવા કર્મોને આવવા દેતો નથી, ને દરરોજ જિનદેવને ધ્યાવે છે, તે જીવ પરમાત્મા થઈ જાય છે.

૧૯૪. –અને બીજા, જેઓ વિષયોનું સેવન કરે છે ને બહુ પાપ કરે છે તેઓ કર્મની સહાય લઈને નરકના પરોણા બની જાય છે.

૧૯૫. જેમ કૂતરું ચામડાના કટકામાં મુર્છાઈને હેરાન થાય છે, તેમ મૂઢ લોકો કુત્સિત અને ક્ષાર–મૂત્રની દુર્ગંધથી ભરેલા શરીરમાં મુર્છાઈને સંતાપને પામે છે.

૧૯૬. હે મૂર્ખ ! મળમૂત્રનું ધામ એવું આ મલિન શરીર, તેને દેખતાં કે તેમાં રમતાં કાંઈ સુખ થતું નથી, તોપણ મૂઢ લોકો કોઇ તેને છોડતા નથી. ( ચાલુ )

* * * * *

## એક રાજા દીક્ષાપ્રસંગે પોતાના પુત્રોને શિખામણ આપે છે-

લૌકિક યોગ્યતા અને સજ્જનતા ઉપરાંત, ભગવાન અર્હન્તદેવ દ્વારા ઉપદિષ્ટ રત્નત્રય ધર્મને કદી ન ભૂલો. શાસ્ત્રજ્ઞની સંગતિ કરો. રત્નત્રયથી ભૂષિત સજ્જનોનો આદર અને સમાગમ કરો. મુનિ–આર્યિકા–શ્રાવક–શ્રાવિકા એ ચતુર્વિધ સંઘની જ્યારે જ્યારે અવસર મળે ત્યારે આદરપૂર્વક વંદના કરો.... અને રત્નત્રયના સેવનમાં સદા તત્પર રહો. ( વરાંગચરિત્રમાંથી )

# અપૂર્વ શાંતિ પામવા આત્માને ઓળખો

( લેખાંક : પાંચમો )

વૈશાખ સુદ દશમે ભગવાન મહાવીર સર્વજ્ઞ થયા; અરિહંત થઈને અપૂર્વ આત્મિકસુખની પૂર્ણતાને પામ્યા; ને પછી દિવ્ય–ધ્વનિવડે અપૂર્વ આત્મશાંતિ પામવાનો જે માર્ગ જગતને બતાવ્યો, તે માર્ગ સંતોની પરંપરામાં આજેય આપણને અપૂર્વ શાંતિ આપે છે–પણ ક્યારે? કે તે માર્ગના સેવન વડે આત્માને ઓળખીએ ત્યારે! આત્માને ઓળખીને અપૂર્વ શાંતિ પામવાનો ઉપાય બતાવીને વીરનાથભગવાને મોટો ઉપકાર કર્યો છે. પ્રભુનો તે માર્ગ આજેય જીવંત છે; બંધુઓ! તે માર્ગમાં આવો ને અપૂર્વ શાંતિ પામો. ( સં. )

આ આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે. તે આત્માને જાણીને જેણે આત્મામાં જ આત્મ–બુદ્ધિ કરી તે અંતરાત્મા થયો, અને પૂર્વે કદી નહિ થયેલો એવો અપૂર્વ લાભ તેને થયો. જ્યાં ‘અલબ્ધ–લાભ’ થયો એટલે પૂર્વે કદી જે નહોતો પામ્યો તેની પ્રાપ્તિ થઈ, ત્યાં ધર્મીને એમ થાય છે કે અહો! મારો આવો જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા છે, તેને મેં પૂર્વે કદી ન જાણ્યો...ને બહિરાત્મબુદ્ધિથી અત્યાર સુધી હું રખડયો. હવે મને મારા અપૂર્વ આત્મસ્વભાવનું ભાન થયું. આ રીતે અલબ્ધ આત્માની પ્રાપ્તિનો સંતોષ થયો કે અહો! મને અપૂર્વ લાભ મળ્યો, પૂર્વ મને કદી આવા આત્માની પ્રાપ્તિ નહોતી થઈ. પૂર્વે હું આવા આત્માથી ચ્યુત થઈને બાહ્યવિષયોમાં જ વર્ત્યો–પણ હવે આત્માના અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિથી સંતુષ્ટ થયો.

આત્માના સ્વભાવનું ભાન થતાં અંદર કૃતકૃત્યતા વેદાય છે. અહો, મારી પ્રભુતા મારામાં છે, મારી પ્રભુતાને હું અત્યાર સુધી ભૂલ્યો, તેથી રખડયો; મારા આનંદ-સ્વરૂપથી ચ્યુત થઈને વિષયો તરફના ઝંપાપાતથી હું દુઃખી જ થયો. પણ હવે મને મારા આત્માની અપૂર્વ પ્રાપ્તિ થઈ. આવા આત્માની પ્રાપ્તિ એટલે કે શ્રદ્ધા-જ્ઞાન-રમણતા તે સમાધિનું કારણ છે.

વર્તમાન અપૂર્વ દશા સહિત પોતાની પૂર્વ દશાને પણ અંતરાત્મા વિચારે છે કે અરેરે! ઇન્દ્રિયવિષયોમાં મેં અનંતકાળ વીતાવ્યો છતાં તેનાથી અંશમાત્ર તૃપ્તિ ન થઈ, પણ હવે વિષયાતીત અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવને જાણતાં અપૂર્વ તૃપ્તિ થઈ ગઈ. વર્તમાનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો ત્યારે પૂર્વના ઇન્દ્રિયવિષયો પ્રત્યેથી ઉદાસીનતા થઈ ગઈ ને એમ વિષાદ થયો કે અરેરે! મારા ચૈતન્યઆનંદને ચૂકીને પૂર્વે ઇન્દ્રિયવિષયોમાં મેં વ્યર્થ અનંતકાળ વીતાવ્યો.

જેણે આત્માના અતીન્દ્રિય અમૃતનો સ્વાદ ચાખ્યો તેને વિષયો વિષ જેવા લાગે છે....પર વિષયો તરફની લાગણી તેને દુઃખરૂપ લાગે છે, આત્માના નિર્વિકલ્પ આનંદના વેદન સિવાય બીજે ક્યાંય તે પોતાનો આનંદ સ્વપ્નેય માનતો નથી. જેને વિષયોની મીઠાશ લાગતી હોય કે રાગની મીઠાશ લાગતી હોય તેણે અતીન્દ્રિય આત્માના વીતરાગી અમૃતનો સ્વાદ ચાખ્યો નથી.

એક તરફ અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા છે;

બીજી તરફ બાહ્યમાં સુખ વગરના ઇન્દ્રિયવિષયો છે;

ત્યાં જેમાં સુખ માને તે તરફ જીવ ઝૂકે છે. જે જીવ અંતરમાં અતીન્દ્રિય આત્મ-સ્વભાવ તરફ ઝૂકે છે તે તો પોતાના અતીન્દ્રિયસુખને અનુભવે છે; અને જે જીવ બાહ્ય-વિષયોમાં સુખ માનીને ઇન્દ્રિયવિષયો તરફ ઝૂકે છે તે ઘોર સંસારના દુઃખને પામે છે. સામસામા બે માર્ગ છે.

( ૧ ) અતીન્દ્રિય સ્વભાવને ચૂકીને ઇન્દ્રિયવિષયો તરફ ઝૂકાવ તે સંસારમાર્ગ છે. અને

( ૨ ) ઇન્દ્રિયવિષયોમાં સુખબુદ્ધિ છોડીને અંતરના જ્ઞાનાનંદસ્વભાવમાં ઝૂકાવ તે મોક્ષમાર્ગ છે.-જ્યાં ગમે ત્યાં જાવ.

અહો, આત્મામાં આનંદના નિધાન ભર્યા છે તે સંતો દેખાડે છે; પણ અજ્ઞાનથી અંધ થયેલા મૂઢ જીવો પોતાના આનંદનિધાનને દેખતા નથી.

અહો, નિજદેહમાં રહેલો આ જ્ઞાનસ્વરૂપ આત્મા પોતે જ આનંદસ્વરૂપ છે, આનંદ જ તેનું રૂપ છે, પણ અંતરમાં લક્ષ કરીને આંખ ઉઘાડે તો દેખાય ને ? જેમ જન્માંધ મનુષ્યો ઝળહળતા સૂર્યને પણ દેખતા નથી તેમ ઇન્દ્રિયવિષયોમાં જ સુખ માનીને વર્તનારા મોહાંધ અજ્ઞાની જીવો પોતાના આનંદસ્વરૂપ આત્માને દેખતા નથી. તેઓ વિષયોમાં એવા મૂર્છાઈ ગયા છે કે જરાક પાછું વાળીને ચૈતન્ય સામે નજર પણ કરતા નથી.

આત્માના જ્ઞાનાનંદસ્વભાવનો નિર્ણય થતાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે, અને ઇન્દ્રિયવિષયો નીરસ લાગે. ઇન્દ્રિયના વિષયો અજીવ છે ને હું તો જ્ઞાનસ્વરૂપ આત્મા છું–એમ જ્યાંસુધી નથી જાણતો ત્યાંસુધી જીવ અજ્ઞાનપણે બાહ્ય વિષયોને સુંદર માની રહ્યો છે.

જ્ઞાની તો આત્માના અતીન્દ્રિય આનંદ પાસે ઇન્દ્રો અને ચક્રવર્તીઓના વૈભવને પણ તુચ્છ સમજે છે. ચૈતન્યની સુંદરતા જાણી ત્યાં બીજાની સુંદરતા લાગતી નથી.

આત્માના ચૈતન્ય–સરોવરના શાંતજળમાં કેલિ કરનાર સમકિતી–હંસને ચૈતન્યના શાંતરસ સિવાય બહારમાં પુણ્ય–પાપની વૃત્તિની કે ઇન્દ્રિયવિષયોની રુચિ ઊડી ગઈ છે; ચૈતન્યના આનંદનો એવો નિર્ણય ( વેદન સહિત ) થઈ ગયો છે કે બીજા કોઈ વેદનમાં સ્વપ્નેય સુખ લાગતું નથી–આવી સમકિતીની દશા છે.

આ સંબંધમાં ભજન આવે છે કે–

જબ નિજ આતમ અનુભવ આવે......તબ ઓર કછુ ન સુહાવે....જબ નિજ.
રસ નીરસ હો જાત તત્ક્ષણ.....અક્ષ–વિષય નહીં ભાવે....જબ નિજ.
ગોષ્ઠી કથા કુતૂહલ વિઘટે, પુદ્ગલ પ્રીતિ નશાવે....
રાગ–દ્વેષ જાુગ ચપલ પક્ષયુત, મન પક્ષી મર જાવે...જબ.
જ્ઞાનાનન્દ સુધારસ ઉમગે, ઘટ અંતર ન સમાવે...
‘ભાગચન્દ’ ઐસે અનુભવકો, હાથ જોરિ શિર નાવે...જબ.

અહો ! આ ચૈતન્યસ્વરૂપ આત્માના ચિંતનમાત્રથી પણ રસો વિરસ થઈ જાય છે, ગોષ્ટીકથાનું કૌતુક ઊડી જાય છે, વિષયોનું વિરેચન થઈ જાય છે અને શરીર ઉપરથી પણ પ્રીતિ વિરમી જાય છે. વાણીનું જોસ વિરમી જાય છે, ને મન પણ સમસ્ત દોષસહિત પંચત્વને પામે છે, એટલે કે ચૈતન્યના ચિંતનથી મનસંબંધી દોષો નાશ

પામી જાય છે, ને આત્મા અવિરતપણે આનંદને ધારણ કરે છે.–આવો ચૈતન્યના ચિંતનનો મહિમા છે.

જ્ઞાનીનેય શુભાશુભરાગ આવે પણ અંતરમાં ચૈતન્યના રસ આડે તેનો રસ ઊડી ગયો છે. જ્ઞાનીને રાગ થાય ત્યાં અજ્ઞાનીને એમ લાગે છે કે એને રાગની રુચિ હશે! પણ તે વખતે અંદર રાગથી અત્યંત પાર એવા જ્ઞાનરસનો નિર્ણય જ્ઞાનીને વર્તે છે, તે નિર્ણયની અજ્ઞાનીને ખબર નથી.

સમસ્ત ઇન્દ્રિયવિષયોથી પાર થઈને આત્માના અતીન્દ્રિય આનંદમાં લીન થયેલા એવા અશરીરી સિદ્ધભગવંતો ભવ્યજીવને આદર્શ પૂરો પાડે છે કે અરે જીવ! બહારના કોઈપણ વિષયો વગરનું તારું સુખ આત્માના અતીન્દ્રિય સ્વભાવમાં છે, તેની પ્રતીત કર ને તેની લગની લગાડ. અહો! સિદ્ધભગવંતોને પ્રતીતમાં લ્યે તો જીવને ઇન્દ્રિયવિષયોમાં સુખબુદ્ધિ ઊડી જાય, ને આત્માના અતીન્દ્રિય સુખસ્વભાવની પ્રતીત થઈ જાય. રાગમાં સુખ, ઇન્દ્રિયવિષયોમાં સુખ, એમ અજ્ઞાની વિષયોનો ભિખારી થઈ રહ્યો છે; સિદ્ધભગવાન રાગરહિત ને ઇન્દ્રિયવિષયો રહિત થઈ ગયા છે ને એકલા આત્મસ્વભાવથી જ પરમ–સુખી છે. તે જગતના જીવોને એમ દર્શાવી રહ્યા છે કે અરે જીવો! વિષયોમાં–રાગમાં તમારું સુખ નથી, આત્મસ્વભાવમાં જ સુખ છે, તેને અંતરમાં દેખો, ને ઇન્દ્રિયવિષયોનું કુતૂહલ છોડો. ચૈતન્યના આનંદનો જ ઉલ્લાસ, તેનો જ રસ, તેનું જ કુતૂહલ, તેમાં જ હોંશ, તેની જ ગોષ્ઠી કરો.

હું દેહાદિથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્મા છું, બહારમાં ઇન્દ્રિયોદ્વારા જે દેખાય છે તે બધુંય અચેતન છે, તે હું નથી, તે બધા મારાથી ભિન્ન છે–એવા ભાનપૂર્વક ચૈતન્યસ્વરૂપના ચિંતનમાં એકાગ્રતાવડે બાહ્ય વચન પ્રવૃત્તિ છોડવી તેમજ, અંતરંગ વિકલ્પો પણ છોડવા; આ રીતે ઉપયોગને અંતરમાં જોડવો તેનું નામ યોગ છે, અને સંક્ષેપથી આ યોગ તે પરમાત્માનો પ્રકાશક પ્રદીપ છે.

જ્ઞાની તો જાણે છે કે વાણી તે જડ છે, તે વાણી મારાથી ભિન્ન છે, તે વાણીથી મારું સ્વરૂપ પ્રકાશિત થતું નથી, ને વાણી તરફના વિકલ્પવડે પણ મારા સ્વરૂપનો પ્રકાશ થતો નથી, વાણી અને વિકલ્પ બંનેથી પાર થઈને અંતર્મુખ ચૈતન્યના ચિંતનમાં એકાગ્રતાવડે જ મારા સ્વરૂપનું પ્રકાશન થાય છે. વચન અને વિકલ્પ બંનેથી જુદો હું તો જ્ઞાન છું, મારા જ્ઞાનવડે જ હું મને જાણું છું–એમ જ્ઞાની પોતે પોતાના આત્માને સ્વસંવેદનથી પ્રકાશે છે.–આ જ આત્માને જાણવાની રીત છે.

ભાઈ, એકવાર સત્યનો નિર્ણય કરીને હા તો પાડ. મારા જ્ઞાનસ્વરૂપ સિવાય બીજે ક્યાંય મારું સુખ કે શાંતિ નથી એમ એકવાર નિર્ણય કર તો અંતર્મુખ થવાનો અવસર આવે. પણ જેને નિર્ણય જ ખોટો હોય, બહારમાં ને રાગમાં શાંતિ માને, તેને અંતર્મુખ એકાગ્ર થવાનો અવસર ક્યાંથી આવે? ઘણા કહે છે કે મરણ ટાણે આપણે સમાધિ રાખીશું. પણ જીવનમાં જેણે દેહથી ભિન્ન આત્માની દરકાર કરી નથી, દેહાદિનાં કાર્યોને જ પોતાનાં કાર્ય માન્યા છે, તે દેહ છૂટવા ટાણે કોના જોરે સમાધિ રાખશે? જેણે દેહથી ભિન્ન આત્માને જાણીને તેની વારંવાર ભાવનાનો અભ્યાસ કર્યો છે તેને જ દેહ છૂટવા ટાણે ચૈતન્યના જોરે સમાધિ રહી શકશે.

પોતાના આત્મા સિવાય બહારમાં બીજું કોઈ શરણ આત્માને છે જ નહિ. બહારમાં બીજાને શરણ માનીને સમાધાન કરવા માંગે તે તો ફાંફાં છે, સંયોગ છૂટી જતાં તેનું સમાધાન ટકી નહિ શકે. અને આત્માના આધારે જેણે સમાધાન કર્યું તેને ગમે તેવા પ્રતિકૂળ સંયોગમાં પણ તે ટકી રહેશે.

સર્વજ્ઞ ભગવાનનો ઉપદેશ બાહ્ય વિષયોથી છોડાવીને અંતરમાં ચૈતન્યનું શરણ કરાવે છે; તે જ જીવનું હિત છે, કેમકે ચૈતન્યના અનુભવથી જ ભવનો નાશ થઈને મોક્ષસુખ પ્રગટે છે.

દેહને જ જેણે આત્મા માન્યો છે, વિષયોમાં જ જેણે સુખ માન્યું છે એવા મૂઢ જીવોને વીતરાગની વાણી પ્રતિકૂળ પડે છે, કેમ કે વીતરાગની વાણી તો વિષયોનું વિરેચન કરાવનારી છે. કાયર જીવો વિષયોની લીનતા છોડીને ચૈતન્યને દેખી શકતા નથી, તેઓ તો ચૈતન્યના પુરુષાર્થથી રહિત છે, તેમનામાં ભવરહિત એવા વીતરાગની વાણીનો નિર્ણય કરવાની તાકાત નથી.

“અહો જીવો! તમારું સુખ તમારામાં છે, બાહ્ય વિષયોમાં ક્યાંય સુખ નથી, આત્મા જ સુખસ્વભાવી છે, માટે આત્મામાં અંતર્મુખ થયે જ સુખ છે”–આવી વાણીના રણકાર જ્યાં કાને પડે ત્યાં તો આત્માર્થી જીવનો આત્મા ઝણઝણી ઊઠે કે વાહ! આ ભવ રહિત વીતરાગી પુરુષની વાણી!! આત્માના પરમશાંતરસને બતાવનારી આ વાણી અપૂર્વ છે. વીતરાગી સંતોની વાણી પરમ અમૃત છે, ને એ ભવરોગનો નાશ કરનાર અમોઘ ઔષધ છે.–આમ તેનો આત્મા ઉલ્લસી જાય છે, ને પુરુષાર્થની દિશા સ્વતરફ વળી જાય છે, વિષયોમાંથી સુખબુદ્ધિ ઊડી જાય છે.–એણે જ ખરેખર ભવરહિત વીતરાગની વાણીનો નિર્ણય કર્યો છે.

સ્વ–સન્મુખ થવાનું બતાવનારી વીતરાગની વાણીનો નિર્ણય કરનાર જ્ઞાની વચન અને વિકલ્પની પ્રવૃત્તિનું અવલંબન છોડીને, જ્ઞાનને અંતર્મુખ કરીને પોતાના આત્માને સમસ્ત પરપદાર્થોથી ભિન્ન દેખે છે–જાણે છે–અનુભવે છે. આ પોતાના પરમાત્મસ્વરૂપને દેખવા માટેનો યોગ છે.

એકવાર દ્રઢ નિર્ણયથી પોતાના વેદનમાં જ એમ ભાસવું જોઈએ કે અરે! બાહ્ય વલણમાં ક્યાંય કોઈપણ વિષયોમાં રંચમાત્ર સુખ મને વેદાતું નથી, બાહ્ય વલણમાં તો એકલી આકુળતા છે, ને અંતર તરફના વલણમાં જ શાંતિ અને અનાકુળતા છે; માટે મારા સ્વભાવમાં જ અંતર્મુખ થવા જેવું છે.–આવા નિર્ણયના જોરે અંતર્મુખ થતાં વિકલ્પ તૂટીને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે.

જ્ઞાયકતત્ત્વમાંથી કાંઈ વાણીનો ધ્વનિ નથી ઊઠતો, તે વાણીનો ધ્વનિ તો જડપરમાણુઓમાં ઊઠે છે. વાણી તરફનો વિકલ્પ ઊઠે તે પણ જ્ઞાયકતત્ત્વમાંથી નથી ઊઠતો. જ્ઞાનપર લક્ષમાં અટકતાં વિકલ્પ ઊઠયો છે, તે જ્ઞાનનું સ્વરૂપ નથી. આવા જ્ઞાનસ્વરૂપને નક્કી કરે તો અંદર અપૂર્વ શાંતિ ને સમાધિ થાય.

ચૈતન્યસ્વરૂપ આત્મા પોતે પોતાથી જ સ્વસંવેદ્ય છે; તે પોતાની જાગૃતિ વગર બીજા કોઈથી સમજે એવો નથી. માટે જ્ઞાતાસ્વભાવથી બહાર વૃત્તિ જાય ને બીજા પાસેથી સમજવાની કે બીજાને સમજાવવાની વૃત્તિ ધર્મીને ઊઠે તે પણ મોહની ચેષ્ટા હોવાથી તેને ઉન્મત્ત ચેષ્ટા કહી છે; વાણીના કે ભેદના લક્ષે આત્માના નિર્વિકલ્પ સ્વરૂપનું ગ્રહણ થતું નથી, માટે ભેદનો વિકલ્પ ઊઠે તે પણ મોહની ચેષ્ટા છે, મારા જ્ઞાયકતત્ત્વમાં તે વિકલ્પનો પ્રવેશ નથી.

અહો, આચાર્યદેવ કહે છે કે પરમ ઉપશાંત ચૈતન્યતત્ત્વના આનંદમાંથી બહાર નીકળીને અસ્થિરતામાં જે વિકલ્પો ઊઠે છે તે પણ ઉન્મત્ત–ચેષ્ટા છે. અરે! વીતરાગી સંતોએ જે ઉન્મત્ત ચેષ્ટા કીધી તેને મૂઢ જીવો ધર્મ માને છે, પણ તેમની તે માન્યતા ઉન્મત્ત જેવી છે–મિથ્યા છે.

જુઓ તો ખરા આ વીતરાગમાર્ગ! એક શુભ વિકલ્પ પણ વીતરાગમાર્ગમાં પાલવતો નથી. વસ્તુનું સ્વરૂપ વિકલ્પાતીત છે, તેના અનુભવરૂપ વીતરાગમાર્ગ છે; અને તેમાં જ આનંદ તથા સમાધિ છે. તેથી હે જીવો!–

**અપૂર્વ શાંતિ પામવા આતમા ને ઓળખો.**

# * આત્મસન્મુખ જીવ *

(સમ્યક્ત્વ જીવન લેખમાળા: લેખાંક-૧૪)

દુઃખથી થાકેલો ને અંદરથી ધા નાંખતો જિજ્ઞાસુ જીવ અતીન્દ્રિય આનંદનો તીવ્ર ચાહક બન્યો છે. તેને સંસારનો કલબલાટ છોડી અંતરમાં આત્મપ્રાપ્તિનું એક જ ધ્યેય છે. દુનિયાના કોલાહલથી કંટાળેલું તેનું ચિત્ત આત્મશાંતિને નજીકમાં દેખીને તે તરફ એકદમ ઉલ્લસે છે. જેમ માતાને તલસતું બાળક માતાને દેખતાં આનંદથી ઉલ્લસે છે ને દોડીને તેને ભેટી પડે છે, તેમ આત્મા માટે તલસતું મુમુક્ષુનું ચિત્ત આત્માને દેખીને આનંદથી ઉલ્લસે છે ને જલ્દી અંદરમાં જઈને તેને ભેટે છે. તે મુમુક્ષુ બીજા જ્ઞાનીઓની અનુભૂતિની વાત પરમ પ્રીતિથી સાંભળે છેઃ અહો, આવી અદ્ભુત અનુભૂતિ!–આમ પરમ ઉત્સાહથી તે પોતાના સ્વકાર્યને સાધે છે.... તેના આત્મામાં ધર્મચક્ર ચાલુ થાય છે. (–સં.)

અનાદિથી ચારગતિમાં રખડતો જીવ મોહથી–કષાયથી દુઃખી થઈ રહ્યો છે; દુઃખમાં રખડતાં–રખડતાં તેને થાક લાગ્યો અને તેને વિસામાની–શાંતિની ઝંખના જાગી; તે સુખ–શાંતિની શોધમાં ઉપડયો, ત્યાં મહાન પુણ્યયોગે તેને સાચા દેવ–ગુરુનો ભેટો થયો, ગુરુના ચરણમાં સર્વસ્વ અર્પણ કર્યું, એમની આજ્ઞા શિરોમાન્ય કરી; અને આત્માના હિતની જિજ્ઞાસાથી ગુરુને વિનયપૂર્વક પૂછયું–“હે પ્રભો! મારા આત્માને શાંતિ કેમ થાય? પુણ્ય–પાપ કરી કરીને ચારેગતિમાં રખડી–રખડીને થાકયો પણ મને ક્યાંય જરાય શાંતિ ન મળી; તો તે શાંતિ ક્યાં છુપાયેલી છે?–એ મને બતાવો; કેમકે આપનો આત્મા શાંતિને પામેલો છે તેથી આપ જ મને તેનો સાચો રસ્તો બતાવશો.” આ પ્રમાણે ગુરુ ઉપર વિશ્વાસપૂર્વક શિષ્યે પૂછયું. ત્યારે શ્રીગુરુ તે ખરા જિજ્ઞાસુને કંઈ પણ વાત ગોપવ્યા વિના એવું તત્ત્વ સમજાવે છે,–કે જે સમજવાથી જીવને અપૂર્વ શાંતિ મળે.

શિષ્ય તે સાંભળીને ન્યાય અને યુક્તિથી આત્માનું સ્વરૂપ વિચારે છે ને ગુરુએ બતાવ્યા પ્રમાણે અંદરના વેદનમાં શાંતિ શોધે છેઃ તેને ગૃહીતમિથ્યાત્વ છૂટી ગયું છે,

એટલે કે વિપરિત માર્ગે હવે તે જતો નથી; જિનમાર્ગ અનુસાર નવ તત્ત્વનું શ્રદ્ધાન કરે છે. જડ અને ચેતનનું ભેદજ્ઞાન કરે છે, ચૈતન્યભાવ અને રાગભાવની ભિન્નતાનો ઊંડો વિચાર કરે છે; દ્રવ્યકર્મ–ભાવકર્મ–નોકર્મરહિત એવા શુદ્ધચૈતન્યસ્વરૂપે આત્માને લક્ષમાં લ્યે છે; તેમાં તેને શાંતિ દેખાતી જાય છે એટલે તેને આત્માની જ ધૂન લાગી છે; ને બીજે બધેથી ઉદાસીનતા વધતી જાય છે; વારંવાર આત્માનું સ્મરણ ચિંતન કરીને પરિણામને શાંત કરતો જાય છે, દેવ–ગુરુને દેખતાં તેમની અતીન્દ્રિય શાંતિને લક્ષગત કરતો જાય છે; શાસ્ત્રમાંથી પણ શાંતરસને જ ઘૂંટતો જાય છે; આ રીતે તેને દેવ–ગુરુ–શાસ્ત્ર તરફનો ઉત્સાહ પણ વધતો જાય છે ને તેમનામાં વધુ ને વધુ ઊંડપ દેખાતી જાય છે, આત્મરસ એવો મીઠો લાગે છે કે સંસારનું મહાન પ્રલોભન પણ તેને આત્મરસથી છોડાવી શકતું નથી. ગમે તેવા પ્રતિકૂળ સંયોગ આવી પડે તોપણ કષાયનો રસ વધવા દીધા વગર તે સમાધાન કરી લ્યે છે; સંસારનાં મિથ્યા સુખો પાછળ હવે તે ગાંડો થતો નથી, અંદરથી તેનો રસ છૂટી ગયો છે; એટલે તેને માટે તીવ્ર આરંભ–સમારંભ કે અનીતિ–અન્યાય પણ તે કરતો નથી. નિવૃત્તિપૂર્વક તીર્થસ્થાનોમાં કે સત્સંગમાં રહીને આત્મસાધન કરવાનું તેને ગમે છે, ઉપયોગને નિર્વિકલ્પ કરવા ને આત્માને અનુભવવા તે વધુને વધુ આત્મા તરફ વળે છે, વિચારધારાને વધુને વધુ સૂક્ષ્મ કરીને આત્માને પરભાવોથી જુદો પાડે છે, અનેક પ્રકારે આત્માની સુંદરતા ને ગંભીરતા લક્ષમાં લ્યે છે. અહો, મારું આત્મતત્ત્વ કોઈ અગાધગંભીર અદ્‌ભુત ભાવોથી ભરેલું છે. તેનો અનુભવ કરવામાં વચ્ચે કયા પરિણામો નડે છે?–તે સંબંધી દંભ કર્યા વગર પોતાના પરિણામ કેવા છે તે જાણે છે; ને વિઘ્ન કરનારા પરિણામોને તોડીને સ્વરૂપમાં પહોંચી જાય છે. નવે તત્ત્વનું સ્વરૂપ સમજીને તેમાંથી સારભૂત તત્ત્વને ગ્રહણ કરે છે, એ રીતે સ્વભાવને ગ્રહતો, ને પરભાવોને પૃથક્ કરતો–કરતો તે જીવ, અંતે સર્વ પરભાવોથી ભિન્ન ને નિજ સ્વભાવોથી પરિપૂર્ણ એવા આત્મતત્ત્વને શોધીને તેનું સમ્યક્‌દર્શન કરી લ્યે છે; તેના મોક્ષના દરવાજા ખુલી જાય છે.

## સમ્યગ્દર્શન થયા પછી–

અહો, આ આત્મપુરુષાર્થી જીવ પોતાના સ્વકાર્યને સાધવામાં સફળ થયો છે, તેનું જ્ઞાન વિકલ્પથી છૂટું પડી ગયું, આત્માનું સાક્ષાત્ દર્શન તેને થયું.....પોતાના સત્ય સ્વરૂપનું જ્ઞાન થયું....પરિણામમાં કષાય વગરની અપૂર્વ શાંતિ થઈ, પ્રથમ અપૂર્વ ક્ષણના તે નિર્વિકલ્પ અનુભવકાળે શાંતિના વેદનમાં તે એવો લીન હતો કે ‘મને સમ્યક્ત્વ

પ્રગટયું છે અને મારો આત્મા શાંતિ વેદે છે'–એવો ભેદ પણ રહ્યો ન હતો; આત્મા સ્વયં અનંતગુણની અનુભૂતિસ્વરૂપ જ હતો, કદી ન અનુભવાયેલી શાંતિ ત્યાં વેદાતી હતી. પછી ઉપયોગ અનુભૂતિમાંથી બહાર આવતાં છતાં તે ઉપયોગ રાગાદિના પરિચયથી દૂર રહે છે, રાગની ભાઈબંધી તેણે સર્વથા છોડી દીધી છે એટલે રાગના કાળે પણ પોતે તો તેનાથી જુદો જ રહે છે.–આવા છૂટા (રાગવગરના) ઉપયોગપણે ધર્મી સદા પોતાને અનુભવે છે–શ્રદ્ધે છે–જાણે છે, એટલે રાગના કાળેય તેના સમ્યક્ત્વાદિભાવો જીવંત રહે છે, બગડતા નથી. દેહથી જગતથી ને રાગથી,–બધાથી છૂટું ઉપયોગ–પરિણમન આત્માને મુક્તપણે અનુભવે છે. અહા, એ દશા કોઈ અનેરી અદ્ભુત છે.

આવી સ્વાનુભવદશા થતાં પોતાને પાકી ખાત્રી થઈ ચુકી કે હવે હું મોક્ષના માર્ગમાં છું, હવે સંસારના માર્ગે નથી; હવે મારા ભવનો છેડો આવી ગયો; સિદ્ધભગવાનની નાતમાં હું ભળી ગયો. ભલે નાનો છું,–મારો સાધકભાવ નાનો છે – પણ છું તો સિદ્ધભગવાનની જ જાતનો! અનુભવમાંથી બહાર આવ્યા પછી જે વિકલ્પ ઊઠે તેનાથી જ્ઞાનને જુદું જ જાણે છે, એટલે જ્ઞાન પોતે તો નિર્વિકલ્પ જ રહે છે; તે જ્ઞાન અને વિકલ્પની એકતા કરતો નથી, આવો તેનો અકર્તાભાવ છે. જ્ઞાનભાવને જ કરતો થકો તે સદા તૃપ્ત અને પ્રસન્ન–પ્રશાંત રહે છે, જ્ઞાનના પ્રતાપે તેનું ચિત્ત એકદમ શાંત થઈને, કષાયવગરનું શીતળ ચંદનસમાન શોભી રહ્યું છે ને જિનદેવના મોક્ષમાર્ગમાં તે આનંદસહિત કેલિ કરે છે.–તે સમ્યગ્દ્રષ્ટિ વંદનીય છે.

ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ શીતલ ચિત્ત ભયો જિમ ચંદન;
કેલિ કરે શિવમારગમેં જગમાંહિ જિનેશ્વરકે લઘુનન્દન;
સત્યસ્વરૂપ સદા જિનકે પ્રગટયો અવદાત મિથ્યાત–નિકંદન;
શાંતદશા તિનકી પહચાની કરે કરજોડ બનારસી વન્દન.

પોતાના અચિંત્ય આત્મવૈભવને પોતામાં દેખીને ધર્મી પરમ તૃપ્તિ અનુભવે છે. અહા, આત્માનો પૂર્ણ વૈભવ હાથમાં આવ્યો (અનુભવમાં આવ્યો) તેના આનંદ પાસે જગતના બીજા બધા વૈભવો સાવ તુચ્છ લાગે છે. તે સમ્યગ્દ્રષ્ટિ–ધર્માત્મા ભલે ગૃહસ્થપણે હોય, પરિવારસહિત હોય અને વેપાર રોજગાર પણ કરતો હોય, છતાં તેની ચેતના તે બધાથી જળકમળવત્ અલિપ્ત રહે છે, એટલે તે લેપાતા નથી પણ છૂટતા જ જાય છે.–એ બધો સમ્યક્ત્વનો પ્રતાપ છે–એમ જાણીને હે ભવ્યજીવો! તમે પરમ આદરથી સમ્યક્ત્વની આરાધના કરો. * * *

# મુંઝવણ અને શાંતિ

જગતમાં તારા પાપોદયે કોઈ પ્રતિકૂળ સ્થિતિ આવી પડે, ખોટા ને મોટા આક્ષેપ આવે, દેહમાં રોગાદિ થાય, અપમાનાદિ થાય, ને તને અસહ્ય મુંઝવણ થતી હોય, કષાયો થતા હોય, તું શાંતિ–સમાધાન માટે મુંઝાતો હો–તો –

બીજા કોઈના આધારે, બીજા કોઈને પ્રસન્ન કરીને, બીજા કોઈની લાચારી કરીને, કોઈ સામે ખટપટ કે કષાય કરીને શાંતિ કે સમાધાન શોધવા કરતાં સૌથી પહેલાં તારા જ્ઞાનના જ શરણે જઈને તેને પૂછ કે 'હે જ્ઞાન! આટલી પ્રતિકૂળતાની ભીંસ વચ્ચે તું મને શાંતિ આપીશ? હું તારા શરણે આવું–તને રીઝવું–તો તું મને આ કષાય–પ્રસંગોમાંથી ઉગારીને મારી રક્ષા કરીશ? –ને મને શાંતિ આપીશ? '

બસ, આ પ્રમાણે સૌથી પહેલાં જ તારા જ્ઞાનને પૂછી જો. અને જો તારું જ્ઞાન તને શાંતિ આપવાની ના પાડે તો જ પછી બીજા પાસે જઈને તેની લાચારી કરજે.... પહેલેથી જ જ્ઞાનનો વિશ્વાસ છોડીને બીજે લાચારી કરવા જઈશ મા. તારું જ્ઞાન તને શાંતિ આપવાની ના નહિ જ પાડે....કેમકે જ્ઞાન તો મહાન ઉદાર ધીર અને ગંભીર છે. તે જરૂર તને સમાધાન આપીને શાંત કરશે.....તારે બીજે ક્યાંય જવું નહીં પડે. જ્ઞાનનો સ્વભાવ શાંતિ દેવાનો છે. માટે જ્ઞાનથી ભિન્ન બહારમાં બીજા કોઈનું શરણું શોધ મા. જ્ઞાનનો જ વિશ્વાસ કરીને નિશ્ચિત બની જા.

* પ્રશ્નઃ –સ્ત્રી મોક્ષની અધિકારી થઈ શકે?

* ઉત્તરઃ –હા; સમ્યક્ત્વ પામનાર સ્ત્રી એકબે ભવમાં જ મોક્ષની અધિકારી થઈ શકે છે. બાકી સ્ત્રીપર્યાય રાખીને કોઈ મોક્ષ પામી શકે નહિ. સમ્યક્ત્વાદિના બળે બીજા ભવે સ્ત્રીપર્યાય છેદી, મનુષ્ય થઈ, મુનિ થઈ, તે જીવ મોક્ષ પામી શકે છે. સ્ત્રીપર્યાયમાં પણ જ્યાં સમ્યક્ત્વ થયું ત્યાં નિયમથી મોક્ષની પ્રાપ્તિનો સિક્કો લાગી ગયો. એ જ રીતે તિર્યંચ કે નારકી પણ સમ્યક્ત્વ પામીને અલ્પકાળમાં મોક્ષના અધિકારી બની શકે છે. મોક્ષના અધિકારી થવું હોય તેણે પ્રથમ સમ્યક્ત્વની આરાધના કરવી જોઈએ.

# * શિક્ષક અને વિદ્યાર્થીનો આદર્શ પ્રેમ *

**જ્યારે એકબીજા પ્રત્યેની ત્રુટીઓને જતી કરીને પરસ્પર વાત્સલ્યની ખૂબ જરૂર છે-એવા આજના વાતાવરણમાં શિક્ષક અને વિદ્યાર્થીના એક પ્રસંગ ઉપરથી વાત્સલ્યપ્રેમ વિષે થોડું લખવાની પ્રેરણા થાય છે. જૈનમાસિક 'કલ્યાણ' ના માર્ચ માસમાં 'શ્રી વિશ્વદર્શી' ના નામથી એક આદર્શ-પ્રસંગ રજુ થયો છે-જે વાંચતાં હૈયું ગદ્‌ગદ્ થઈ જાય છે. આપણે આભાર સાથે તે પ્રસંગમાંથી જરૂર પૂરતો સાર લઈને સાધર્મી-પ્રેમની ચર્ચા કરીશું. ( સં. )**

એક અંગ્રેજી સ્કૂલમાં ગુજરાતી શિક્ષક; નામ એમનું મણિશંકર દવે. દવેસાહેબ શિસ્તપ્રિય, પ્રમાણિક અને સત્યપ્રિય હતા. વર્ગમાં તેમના કડક શિસ્તપાલનની હાક બોલતી. એક શ્રીમંતનો ઠોઠ પુત્ર ત્રણ ત્રણ વર્ષથી એ જ કલાસમાં રહેલો ને ખૂબ તોફાની હતો; તે કોઈનો ઠપકો સાંભળવા ટેવાયેલો ન હતો. દવેસાહેબ તેની સાથે કડક વર્તન રાખતા.

એક દિવસ દવેસાહેબ જ્યારે ભણાવવામાં મશગુલ હતા, ત્યારે તે વિદ્યાર્થી બીજાની મશ્કરી કરીને ખલેલ કરતો હતો. દવેસાહેબે જોયું, તેઓ આ અશિસ્ત સહન કરી ન શક્યા; કાંઈ બોલ્યા વગર સીધા તેની પાસે પહોંચી ગયા અને સડાક કરતો એક તમાચો તેના ગાલ પર ચોડી દીધો......

આખો કલાસ સજ્જડ થઈ ગયો.....કોઈનો તમાચો તો શું–પણ એક શબ્દેય ન સાંભળનારો તે છોકરો હવે શું કરે છે? તે સૌ જોઈ રહ્યા હતા. દવેસાહેબે તેને પાટલી ઉપર ઊભા રહેવાની આજ્ઞા કરી...પણ–

–પણ, બધા વિદ્યાર્થીઓ જોઈ રહ્યા ને પેલા વિદ્યાર્થીએ સડાક કરતો એક લાફો દવેસાહેબના મોં પર ચોડી દીધો.

દવેસાહેબનું કડક શિસ્ત એવું કે કોઈ તેમની સામે એક હરફ પણ ઉચ્ચારી ન શકે, તેને બદલે વિદ્યાર્થીનો આવો હુમલો દેખીને સૌ સ્તબ્ધ થઈ ગયા.....

'હવે શું થશે !! ' સૌને એક જ પ્રશ્ન હતો. દવેસાહેબ હમણાં આને લાત મારીને કાઢી મુકશે કે શું ?

–પણ ના; એવું કાંઈ ન બન્યું. સૌએ જોયું કે દવેસાહેબ શાંતિથી ટેબલ પાસે જઈને ઊભા છે, ને રૂમાલવડે ભીની આંખો લૂછી રહ્યા છે. થોડીવારમાં, એકદમ શાંતિથી તેમણે કહ્યું: વહાલા વિદ્યાર્થીઓ ! મેં પણ ભણતી વખતે મારા ગુરુપ્રત્યે એકવાર આવી ઉદ્ધતાઈ કરી હતી....ત્યારે મારા સાહેબે મારી ભયંકર ભૂલની શિક્ષા કરવાને બદલે મને હસતે મોઢે માફી આપી હતી....ને ત્યારથી જ મારી ઉન્નતિ થઈ હતી. હું પણ મારા વહાલા વિદ્યાર્થીની ભૂલ માફ કરીશ, ને આશા રાખીશ કે તે પણ સુધરી જશે ને મારી સ્કૂલનો ઝળકતો સીતારો બનશે.–બસ, આમ કહીને વર્ગ છોડી મુક્યો, ને પોતે પોતાના ઘેર ગયા.

સ્કૂલ છુટી.....વિદ્યાર્થીઓ ટોળે મળીને આજના પ્રસંગની વાત કરતા હતા. પણ પેલો વિદ્યાર્થી તો કોઈ સાથે બોલ્યા વગર સુનમુન એકલો ચાલ્યો જતો હતો. સૌને એમ હતું કે હજી એને બદલો લીધા વગર ચેન નહીં પડે.

અને, એ વિદ્યાર્થી દવેસાહેબના ઘર તરફ જઈ રહ્યો હતો. તેને ઘરે આવેલો દેખીને દવેસાહેબ આશ્ચર્યથી જોઈ રહ્યા...હજી બપોરનું વેર અધૂરું હશે તે પૂરો બદલો લેવા આવ્યો લાગે છે ! –એમ ધારી દવેસાહેબે તેની સામે ગાલ ધર્યો ને કહ્યું–લે, તારે બીજો લાફો મારવો હોય–તો ખુશીથી માર !

અરે, પણ દવેસાહેબના એ શબ્દો સાંભળતાં તો પેલો વિદ્યાર્થી ધ્રુસકે–ધ્રુસકે રોઈ પડયો....એનું હૈયું ભરાઈ આવ્યું....આંખમાંથી આંસુનો ધોધ વહેવા લાગ્યો: એ કાંઈ વેરનો બદલો લેવા નહોતો આવ્યો; એ તો ખરા પશ્ચાત્તાપથી ભૂલની માફી માગવા આવ્યો હતો. તે સાહેબના પગે પડી ગયો ને કહ્યું સાહેબ, મને માફ કરો; હું ગુનેગાર છું. જે શિક્ષા કરવી હોય તે કરો.

સાહેબ સાચી પરિસ્થિતિ સમજી ગયા...પોતાના વિદ્યાર્થીનું આવું પરિવર્તન દેખીને તેમનું હૈયું હેતથી ઊછળવા લાગ્યું; તેમની આંખમાં પણ આંસુ આવ્યા....ને વાત્સલ્યથી તેની પીઠ પર હાથ ફેરવીને કહ્યું–બેટા, તું તો મારા કરતાંય સવાયો

નીકળ્યો, હું મારા સાહેબના ઘરે માફી માંગવા નહોતો ગયો. તું તો સામેથી માફી માગવા ઘરે આવ્યો. બેટા, મારા હૈયામાં સદાય તારું સ્થાન રહેશે,–એમ કહીને આશીષ આપ્યા.

આશીષ લઈને હસતા મુખે વિદ્યાર્થી ઘેર જવા લાગ્યો, ત્યાં દવેસાહેબે સાદ પાડીને પાછો બોલાવ્યોઃ ને કહ્યું–બેટા! ઊભો રહે! મારા હાથે મીઠું મોઢું કરતો જા! એમ કહી પોતાના હાથે તેને પ્રસાદી ચખાડી...ને ગુરુ–શિષ્યના નિર્દોષ વાત્સલ્ય–પ્રેમની સુગંધથી વાતાવરણ મહેકી ઊઠયું!

બીજે દિવસે જ્યારે લાફો મારનારા એ જ વિદ્યાર્થીના ખભે પ્રેમથી હાથ રાખીને દવેસાહેબને વર્ગમાં આવતાં દીઠા ત્યારે વિદ્યાર્થીઓ તો એ કલ્પનાતીત દ્રશ્ય દેખીને આશ્ચર્ય પામ્યા....ને વાત્સલ્યનો પાઠ વગર ભણાવ્યે પણ શીખી ગયા.

બસ, બંધુઓ! આપણે આ પ્રસંગમાંથી વાત્સલ્યનો આદર્શ લેવાનો છે. એક લૌકિક ભણતરમાં પણ, આવી ગંભીર ભૂલ જતી કરીને શિક્ષક અને વિદ્યાર્થી બંને પરસ્પર આવું વાત્સલ્ય કરી શકે છે....તો આપણે સૌ સાધર્મી, વીતરાગીવિદ્યાના ભણનારા, એકબીજા પ્રત્યે કોઈ માન–અપમાનના પ્રસંગ બન્યા હોય, કોઇની પરસ્પર ભૂલ થઇ હોય, તો પ્રેમથી જતી કરીને, સામેથી માફી માંગીને, ને સામેથી વગર માંગ્યે માફી આપીને, અંતરના પ્રેમથી વાત્સલ્યથી એકબીજાને પોતાના જ સમજીને અપનાવીએ, હૃદયમાં જરાય શલ્ય રાખ્યા વગર આનંદથી હળી–મળીએ, ભેગા બેસીને રહીએ–જમીએ–જમાડીએ, સર્વ પ્રકારે મદદરૂપ બનીએ; પરિણામમાં આટલી હળવાશ તો મુમુક્ષુને હોય જ ને! અરે, વીરનાથનો વીતરાગધર્મ,–જે દુશ્મન પ્રત્યે પણ દ્વેષ રાખવાની ના પાડે છે, તે ધર્મમાં સાધર્મી પ્રત્યે તો દ્વેષને સ્થાન હોય જ કેમ? ભલે, કદાચ કોઈ બાબતમાં કોઈને વિચારભેદ હોય, પણ તેને મુખ્ય ન કરતાં, દેવ–ગુરુ–ધર્મ સંબંધી જે મહાન સાધર્મિકતા છે તેને મુખ્ય કરીને પરસ્પર પ્રેમભાવથી વર્તવું ખૂબ જરૂરી છે. અરે, મુમુક્ષુ–સાધર્મીઓને આવો પ્રેમ રાખવાનું કહેવું શું પડે?–એ તો સહજપણે એનામાં હોય જ! હે સાધર્મી! ધર્મપ્રેમના ધોધમાર સીંચનવડે આખા જગત પ્રત્યે વાત્સલ્ય રાખીને, તારા હૃદયને એકદમ હળવુંફૂલ કરી નાંખજે...તો પરમ નિઃશલ્યતાથી આત્મહિત સાધવું તને ઘણું સહેલું પડશે.–આ સંતોની શિખામણ છે.

વીરનાથના નિર્વાણમહોત્સવના આ મહાન પ્રસંગે જરૂર તારા આત્મહિતને માટે આટલું કરજે ને જૈનશાસનને તથા તારા જીવનને ધર્મવાત્સલ્યથી શોભાવજે.

# * દાન *

એક રાજમાતાએ પોતાના પુત્રને કહ્યું–

બેટા! તારી સામે એક મોટા પર્વત જેવડો ધનનો ઢગલો રાખવામાં આવે તો, તું તે કેટલા દિવસમાં દાન કરી દઇશ?

ત્યારે પુત્રે માતાને તરત જ જવાબ આપ્યો–

મા, હું તો એક મિનિટમાં જ તે બધું દાન આપી દઈશ; પરંતુ લેનારાઓ તે કેટલા દિવસમાં લઈ જશે–તેની હું ખાતરી આપી શકતો નથી.

દાતાર કેટલો મહાન છે!

બધો પરિગ્રહ એકક્ષણમાં છોડી શકાય છે.....પણ તેનું ગ્રહણ એક ક્ષણમાં નથી થતું. ત્યાગ મહાન છે. સંસારનો ત્યાગ ગણી–ગણીને શું કરવો? એક સામટો જ ત્યાગ કરી દેવો.

પાની બાઢે નાવમેં, ઘરમેં બાઢે દામ,<br>
દોનોં હાથ ઉલેચીયે, યહી શયાનો કામ.

નાવમાં પાણી ભરાતું હોય ને ઘરમાં ધન વધતું હોય, તો બંને હાથે તેને ઉલેચવા માંડવું–એ સૂજ્ઞપુરુષોનું કર્તવ્ય છે.

લક્ષ્મી ભેગી કરીને ભંડારમાં ભરી રાખવી તે તેનો સદુપયોગ નથી, પણ ઉત્તમ કાર્યોમાં તે વાપરી નાંખવી તે જ તેનો સદુપયોગ છે. જેમ જીવનનો સદુપયોગ સ્વાનુભૂતિ છે તેમ લક્ષ્મીનો સદુપયોગ સુપાત્ર–દાન છે.

*****

**પ્રશ્નઃ –સમ્યગ્દ્રષ્ટિને નિર્વિકલ્પ અનુભવમાં અનંત ગુણો હોય છે?**

**ઉત્તરઃ– હા; અનંતગુણ વગરનો આત્મા હોય નહિ; અનુભૂતિમાં પણ અનંત ગુણના રસથી એકરસ થયેલો ‘આત્મસ્વાદ’ છે. ચૈતન્યના અનંતગુણોનો અભેદ રસાસ્વાદ તે નિર્વિકલ્પઅનુભૂતિ છે. તે અનંત આનંદમય છે.**

# મંગલ જન્મોત્સવ:
# વૈશાખ સુદ બીજ: અમદાવાદ



ગુજરાતનું પાટનગર ઉત્સુકતાથી જેની રાહ જોતું હતું, ને જે મંગલ ઉત્સવમાં ભાગ લેવા હજારો મુમુક્ષુઓ આવી પહોંચ્યા હતા....તે વૈશાખ સુદ બીજ આવી ને મંગલ વધાઈ લાવી.

હજી સવાર પડી ન હતી...હજી તો માંડ મધરાત વીતી હતી ત્યાં તો મુમુક્ષુ ભાઈ–બહેનો જાગીજાગીને જિનમંદિરે પહોંચી ગયા...અહા, આત્મહિતના હેતુરૂપ દેવ–ગુરુનો જ્યાં મંગલ ઉત્સવ હોય ત્યાં ક્યો મુમુક્ષુ ઊંઘે? મુમુક્ષુને જગાડનારા ગુરુનો ઉત્સવ ઉજવવા મુમુક્ષુઓ જાગ્યા. અમદાવાદ નગરી તો હજી ઊંઘતી હતી, પણ રસ્તા પર હજારો યાત્રિકોનો આનંદમય કોલાહલ સાંભળીને કોઈ કોઈ નાગરીકો ઝબકીને જાગતા ને 'આ શું છે' તે આશ્ચર્યથી જોતા.

જિનમંદિરેથી વીરનાથના જયજયકાર કરતી મંગલ–પ્રભાતફેરી આમ્રફળના ઢગલે ઢગલાની વચ્ચે થઈને મહાવીર–મંડપમાં આવી પહોંચી. (છ વર્ષ પહેલાં જ્યાં નેમપ્રભુના પંચકલ્યાણક થયેલા તે જ ભૂમિમાં વીરનાથનો સંદેશ સાંભળવા હજારો મુમુક્ષુઓ ઉભરાતા હતા.

ગુરુદેવ પણ જિનમંદિરોમાં ભગવાન આદિનાથ તથા ભગવાન સીમંધરાદિ જિનેન્દ્રદેવના દર્શન કરીને મહાવીર–મંડપમાં આવી પહોંચ્યા; હજારો ભવ્યોના હર્ષનાદ વચ્ચે ૮૬ સુંદર કમાનોથી શોભતા માર્ગ વચ્ચેથી ગુરુદેવ પસાર થયા ત્યારે જાણે મોક્ષના મંગલ માર્ગે કોઇ મુક્તિદૂત ચાલ્યો જતો હોય! ને એ સુંદર માર્ગને દેખીને આપણે પણ તેમની સાથે જ એ માર્ગમાં જઈ રહ્યા હોઈએ! એવો હર્ષ થતો હતો.

–પછી હજારો જિજ્ઞાસુ ભક્તજનોએ ભક્તિભાવપૂર્વક ગુરુદેવને અભિનંદ્યા. આ પ્રસંગે મંડપના દરવાજે હાથી ઝૂલતા હતા, ને વાતાવરણમાં અનેરો ઉમંગ હતો. પછી સમયસાર ઉપર સ્વાનુભૂતિના મહિમાસૂચક સુંદર પ્રવચન થયું. અને ૮૬ ની રકમોનું ફંડ

જાહેર કરવામાં આવ્યું હતું. સમાજ તરફથી વિદ્વાનોવડે ગુરુદેવ પ્રત્યે શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી; અમદાવાદમાં જન્મજયંતિ નિમિત્તે પોતાનો હર્ષ વ્યક્ત કરતાં મુમુક્ષુ મંડળના પ્રમુખશ્રી બાલચંદભાઈએ કહ્યું કે–

“મહાવીરભગવાનના વીતરાગી શાસનનું ધર્મચક્ર આજે પણ ચાલી રહ્યું છે, ને હે ગુરુદેવ! આપના પ્રતાપે અમને તેની પ્રાપ્તિ થઇ છે. આપના આ અપૂર્વ ઉપકારને કઈ રીતે વ્યક્ત કરીએ? ભગવાન મહાવીરનો અઢીહજારવર્ષીય નિર્વાણમહોત્સવ, અને તેની સાથે આપની ૮૬ મી જન્મજયંતી આજે અમારા આંગણે ઉજવાય છે તે અમારા મહા ભાગ્ય છે, ને અમે સૌ આપને હાર્દિક અભિવંદન કરીએ છીએ.”

બપોરે તથા સાંજે પણ ભક્તિ–ભજનના સુંદર કાર્યક્રમો રજુ થયા હતા.

–આમ આનંદઉલ્લાસપૂર્વક અમદાવાદમાં ગુરુદેવની ૮૬ મી જન્મજયંતીનો ઉત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે ઘાટકોપરથી આપણી ભજનમંડળી પણ પોતાનો આનંદ વ્યક્ત કરવા આવી હતી, ને સુંદર કાર્યક્રમો રજુ કર્યા હતા, તેમાં વૈશાખ સુદ એકમે પાંચ હજાર માણસોની જનમેદની સમક્ષ ગુરુદેવના જીવન પ્રસંગો અને તેમાં રહેલો આત્માર્થનો રણકાર સુંદર નાટયદ્વારા રજુ કર્યો હતો, જે સાંભળીને જનતા મુગ્ધ બની ગઈ હતી. બહારગામથી અભિવંદન અને અભિનન્દનના ઘણા સન્દેશાઓ આવ્યા હતા.

બીજે દિવસ (વૈશાખસુદ ત્રીજે) સવારમાં ગુરુદેવે અમદાવાદથી લખતર થઈને સુરેન્દ્રનગર તરફ પ્રસ્થાન કર્યું હતું. ત્યારબાદ રાજકોટ–જામનગર–કોટા (રાજસ્થાન) ભાવનગર–લાઠી થઈને ગુરુદેવ સોનગઢ પધારશે.

**આત્મધર્મના આ વૈશાખ માસના અંકમાં વધુ પાનાં છાપવા માટે ૨૦૧/– પ્રાણલાલ પરસોત્તમદાસ જૈન મુંબઈ; ૨૦૧/– અમૃતલાલ સેજપાલ જૈન, મુંબઈ; તથા ૨૦૧/– વિજયાબેન મણિલાલ ડગલી, વીંછીયા તરફથી આવ્યા છે; તે બદલ ધન્યવાદ.**

# ભગવાન મહાવીરની ઓળખાણથી આત્માની ઓળખાણ

અમદાવાદ શહેરમાં ગુરુદેવની જન્મજયંતી ઉજવાઈ; તે વખતે પ્રવચનમાં વીરપ્રભુ પ્રત્યેની ભક્તિપૂર્વક વીરમાર્ગનો જે અમૃતપ્રવાહ ગુરુદેવે વહેવડાવ્યો તેમાંથી થોડાક અમૃતબિંદુ ઝીલીને અહીં આપ્યા છે. –તેનું જે પાન કરશે તે અમર થશે. (–સં.)

અત્યારે ભગવાન મહાવીરના નિર્વાણનો અઢીહજારવર્ષીય મહોત્સવ ચાલે છે, તેમાં તે ભગવાનના સ્વરૂપની ઓળખાણથી સમ્યક્ત્વ થાય છે–તે વાત આ પ્રવચનસારની ૮૦ મી ગાથામાં આવી છે–

જે જાણતો અર્હંતને ગુણ–દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને તસુ મોહ પામે લય ખરે.

ચેતન–દ્રવ્ય, ચૈતન્ય–ગુણ, ચૈતન્ય–પર્યાય એમાં ક્યાંય રાગ ન આવ્યો, એવા શુદ્ધ ચૈતન્યસ્વરૂપે ભગવાન અરિહંતદેવના આત્માને જે ઓળખે છે, તે પોતાના આત્માનું પણ રાગથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ જાણીને સમ્યક્ત્વને પામે છે, ને જન્મ–મરણના દુઃખથી મુક્ત થાય છે.

જેવો અરિહંતદેવનો આત્મા, જેવો ભગવાન મહાવીરનો આત્મા, તેવો જ મારો આત્મા પણ ચેતનસ્વભાવમય છે; એમ જાણીને ચેતનસ્વભાવમાં જ પોતાના ગુણ–પર્યાયને સમાવીને અનુભવ કરતો તે જીવ સમ્યગ્દર્શન પામે છે ને તેના મોહનો નાશ થઈ જાય છે....ચૈતન્યની પરમ શાંતિનું તેને વેદન થાય છે.

(પ્રવચન–મંડપની બહાર જુઓ તો, વૈશાખનો ધોમધખતો આતાપ જીવોને ચેન પડવા દેતો નથી,–પણ પ્રવચન–મંડપમાં તો ચૈતન્યરસનો એવો શીતળ ફૂવારો ઊછળી રહ્યો છે કે સૂર્યની ગરમી તો શું!–પણ અંદર મુમુક્ષુને મોહનો આતાપ પણ શાંત થઈને ચૈતન્યની કોઈ અનેરી ઠંડક અનુભવાય છે. આપ આ અમદાવાદનું પ્રવચન વાંચી રહ્યા છો.)

આત્માની ઓળખાણ થતાં જ અંદર અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. તે આત્મા કેવો છે તેનું આ અલૌકિક વર્ણન કુંદકુંદસ્વામીએ કર્યું છે.

જેમ ભગવાન અરિહંતનો એટલે કે ભગવાન મહાવીરનો આત્મા ત્રિકાળ ચેતનસ્વરૂપ છે, તેમ મારો આત્મા પણ ત્રિકાળ ચેતનરૂપ છે.

જેમ સર્વજ્ઞ–અરિહંત–મહાવીરના બધા ગુણો ચૈતન્યરૂપ છે, તેમ મારા આત્માના પણ બધા ગુણો ચૈતન્યરૂપ છે.

હવે પર્યાયમાં, અરિહંતદેવની પર્યાય એકલા ચૈતન્યપરિણમનરૂપ છે, રાગાદિ કોઈ પરભાવો તેમાં નથી. મારી પર્યાયમાં જોતાં ચેતનભાવ અને રાગભાવ બંને દેખાય છે, –પણ અરિહંતદેવ સાથે સરખાવતાં તે જ્ઞાન અને રાગનું પૃથક્કરણ થઈ જાય છે, તેમાંથી ચેતનઅંશોને તો મારા ચૈતન્યમાં સમાવીને અભેદ કરું છું, ને રાગાદિભાવોને મારા ચૈતન્યસ્વભાવથી ભિન્ન કરું છું–આ રીતે અરિહંતના આત્માને આદર્શરૂપ રાખીને, પોતામાં રાગથી ભિન્ન ચૈતન્યસ્વરૂપે જ ગુણ–પર્યાયોને ચેતનદ્રવ્યમાં અભેદ કરીને અનુભવમાં લ્યે છે–કે તે ક્ષણે જ તેના મોહનો ક્ષય થઈને તે જીવ અપૂર્વ સમ્યગ્દર્શનને પામે છે. –આ મહાવીરનો માર્ગ છે; આ જ મોક્ષનો સાચો ઉત્સવ છે.

બાપુ! આ માર્ગ સત્ છે; તારા હિતનો માર્ગ તારા અંતરમાં જ સત્ છે, ક્યાંય બહારમાં નથી. તારા આત્માની અનુભૂતિ તને કેમ થાય! તેની આ વાત છે. સંતો પોતે આવી અનુભૂતિ કરીને તેની રીત બતાવે છે. તને અનુભૂતિનો અવસર મળ્યો છે, તો હવે તું પ્રમાદ કરીને તે ગુમાવી દઈશ મા.

અરે જીવ! આપણા સર્વજ્ઞદેવના આત્માને સાચા સ્વરૂપે તું ઓળખીશ તો તારામાંય તેમના જેવા જ કોઈ અપૂર્વ નિધાન ભર્યા છે તે તને દેખાશે. તારા ચેતન–સ્વભાવ સાથે તેં પર્યાયને કદી અભેદ કરીને અનુભવ કર્યો નથી, તેં રાગ સાથે જ પર્યાયને અભેદ કરીને અનુભવ કર્યો છે, એટલે રાગ વગરના સર્વજ્ઞના પણ સાચા સ્વરૂપને તેં કદી ઓળખ્યું નથી. પણ હવે તું જૈનમાર્ગમાં આવ્યો, અરિહંતદેવનો પંથ મહાભાગ્યથી તને મળ્યો, તો અરિહંતદેવને–મહાવીરભગવાનને ચેતનમય દ્રવ્ય–ગુણ–પર્યાયથી ઓળખ તો ખરો...તેની ઓળખાણથી તારા દ્રવ્ય–ગુણ–પર્યાય બધુંય તને ચેતનમય દેખાશે, ને રાગથી ભિન્ન પરમાર્થે અરિહંત જેવો જ તારો આત્મા તને અનુભવમાં આવશે. એ સમ્યગ્દર્શન છે, તેમાં અપૂર્વ શાંતિ છે, તે ભગવાનનો માર્ગ છે, ને તે જ આત્માનું સાચું જીવન છે.

અનાદિથી મિથ્યાભાવે તેં તારા આત્માની હિંસા કરી, હવે તે હિંસાથી આત્માને

બચાવવા, ને સાચું સુખી જીવન જીવવા માટે તું તારા આત્માને સર્વજ્ઞ સાથે સરખાવીને ઓળખ. તને આત્માની અપૂર્વ સ્વાનુભૂતિ થશે.

અહો, સ્વાનુભૂતિના અપૂર્વ વેદનમાં દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદ પણ નથી રહેતા; ચેતનના ગુણ–પર્યાયો (–કે જેઓ ચેતનભાવરૂપ જ છે તેઓ) દ્રવ્યસ્વભાવમાં અંતર્લીન અભેદ થઈને એકાકાર આત્મા અનુભવાય છે. –આવો અનુભવ તે જ મોહને જીતવાનો ને મોક્ષને પામવાનો ઉપાય છે. ધર્મી કહે છે કે અહો પ્રભો! અહો વીરનાથ! આપના માર્ગમાં આવીને મોહની સેનાને જીતવાનો ઉપાય અમે મેળવી લીધો છે....આપના જેવા જ આત્માની સ્વાનુભૂતિવડે મોહને નષ્ટ કરી નાંખ્યો છે. અહો, ભગવાન! આપના ઉપકારની શી વાત! જે માર્ગે આપ મોક્ષ પામ્યા તે જ માર્ગ અમને બતાવ્યો, ને તે જ માર્ગે અમે આનંદથી આવી રહ્યા છીએ.

અહો! અરિહંત ભગવાનનો માર્ગ એ તો આત્મસન્મુખતાનો કોઈ અપૂર્વ અલૌકિક માર્ગ છે, જેને અંગીકાર કરતાં મોહનો નાશ થઈને સમ્યક્ત્વ થયા વગર રહે નહીં. અરિહંતનું ખરૂં સ્વરૂપ ઓળખનાર જીવ એકલા પર સામે જોઈને નથી અટકતો, (–કેમકે અરિહંતો પણ પર સામે જોઈને ન અટકયા ત્યારે તો અરિહંત થયા; એટલે) અરિહંતને ઓળખનાર જીવ રાગ અને જ્ઞાનની ભિન્નતાને સમજીને, પોતે પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળે છે ને રાગાદિથી છૂટો પડી જાય છે; આ રીતે અંતરમાં એકાગ્રતાવડે મોહનો નાશ કરીને તે મોક્ષમાર્ગને ખોલી નાંખે છે.–એ વાત ૮૦ મી ગાથામાં બતાવી.

જેમ ક્ષાયિકભાવ થતાં તેની ખબર પડે છે, તેવી જ સ્પષ્ટ ખબર ક્ષાયોપશમિક સમકિતીને પણ પડે છે; અહો, મને મારો ચૈતન્ય–હીરો પ્રાપ્ત થયો છે; જિનોપદેશવડે આત્માને જાણીને મોહને મેં નષ્ટ કર્યો છે. આ રીતે સંસારમાં દુર્લભ એવા ચૈતન્ય–ચિંતામણિને પામીને હું કૃતકૃત્ય થયો છું.–છતાં હજી શુદ્ધોપયોગી–ચારિત્રવડે રાગ–દ્વેષનો પણ ક્ષય કરીને વીતરાગતાવડે સર્વથા શુદ્ધાત્મા (કેવળજ્ઞાન) પ્રાપ્ત કરવા માટે મારે ઉદ્યમશીલ રહેવું જરૂરી છે. આમ દર્શનમોહ ઉપરાંત ચારિત્રમોહને પણ હણીને કેવળજ્ઞાન પ્રગટ કરવા માંગે છે.

એકલા સમ્યગ્દર્શનવડે કેવળજ્ઞાન કે મોક્ષ પામી જવાય–એમ નથી; સમ્યગ્દર્શન પછી પણ જેટલા રાગ–દ્વેષ છે તેટલું દુઃખ છે. તે રાગ–દ્વેષને પણ છોડીને જીવ જ્યારે શુદ્ધોપયોગરૂપ પરિણમે છે ત્યારે જ તે કેવળજ્ઞાન અને મોક્ષ પામે છે.–આ જ મોહના

ક્ષયની અને મોક્ષની પ્રાપ્તિની રીત છે.–આવો માર્ગ બતાવીને આચાર્યદેવ તેમાં સર્વે અરિહંતોની સાક્ષી આપે છે–

અર્હંત સૌ કર્મોતણો કરી નાશ એ જ વિધિ વડે,
ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત્ત થયા; નમું તેમને. ૮૨.

મોક્ષને માટે બધોય રાગ છોડવા જેવો છે,–પછી અશુભ હો કે શુભ, તે રાગ મોક્ષને રોકનાર છે. મુનિરાજ કહે છે કે પ્રમાદચોર છે તેના નાશ માટે હું કટિબદ્ધ થયો છું. જુઓ, મુનિરાજને અશુભરાગ તો નથી, ને શુભરાગ છે તેને પણ પ્રમાદચોર સમજીને તેનો નાશ કરવા માટે, શુદ્ધોપયોગમાં પ્રયત્નશીલ છે. સમ્યગ્દર્શન અને ચારિત્રદશા ઉપરાંત શુદ્ધોપયોગની પૂર્ણતાવડે વીતરાગતાની ને કેવળજ્ઞાનની ભાવના ભાવે છે. સમસ્ત મોહના ક્ષયવડે મોક્ષ પમાય છે, કષાયનો કોઈ કણ રાખીને મોક્ષ પમાતો નથી.

જેણે પોતાનું આનંદધામ જોયું છે એવા સાધકના હૃદય બહુ ગંભીર હોય છે. અનંતકાળમાં જે અનંતા તીર્થંકરો થયા તે બધાયના ભાવનો નિર્ણય સાધકના સ્વસંવેદનજ્ઞાનમાં સમાઈ ગયો છે. અહો, સ્વસંવેદનજ્ઞાનમાં નિર્ણયનું કેટલું જોર છે! તે બાહ્યદ્રષ્ટિથી ખ્યાલમાં આવે તેવું નથી.

સ્વાનુભૂતિના બળે મુક્તિનો માર્ગ જાણીને ધર્માત્મા–સાધક કહે છે કે જેટલા અરિહન્તભગવંતો મોક્ષ પામ્યા છે તેઓ બધાય આવા જ ઉપાયથી મોહનો નાશ કરીને મોક્ષ પામ્યા છે, ને આવો જ ઉપદેશ તેમણે કર્યો છે.–મોક્ષ માટે આ જ એક માર્ગ છે, બીજો માર્ગ નથી.–આવા માર્ગનો સ્વાનુભૂતિના બળે નિશ્ચય કરીને હું તે માર્ગે જાઉં છું.–અહો, તે તીર્થંકરોને અને તેમના માર્ગને નમસ્કાર હો.

* * * * *

# જ્ઞાનસ્વરૂપની સ્વાનુભૂતિ તે જિનશાસનનું ધર્મચક્ર છે

( સ. ગા. ૧૫ તથા ૧૭-૧૮ ના પ્રવચનમાંથીઃ અમદાવાદ )

જિનશાસનમાં સર્વજ્ઞદેવે જ્ઞાનસ્વભાવી આત્મા કહ્યો છે, દ્રવ્ય–ગુણ–પર્યાયમાં, અથવા સામાન્ય–વિશેષ બંનેમાં ધર્મીને તે જ્ઞાનસ્વરૂપે જ અનુભવાય છે. જ્ઞેયનો સંબંધ હોય તે વખતે પણ જ્ઞાન કાંઈ તે જ્ઞેયપણે નથી અનુભવાતું, તે વખતેય જ્ઞાન તો જ્ઞાનરૂપે જ અનુભવાય છે.

જેમ ખારો સ્વભાવ તે મીઠું છે. ખારાપણું તે મીઠાનો સ્વભાવ છે, શાકનો નહિ. શાકના સંબંધ વખતે પણ ખારા સ્વાદપણે મીઠું અનુભવાય છે, ખારો સ્વાદ મીઠાનો છે; તથા શાકના સંબંધ વગર એકલું મીઠું હોય ત્યારે પણ તે મીઠું ખારા સ્વભાવપણે જ અનુભવાય છે. તેમ મીઠો–મધુર જ્ઞાનસ્વભાવી આત્મા છે, તે અંતરમાં લીન થઈને પોતે પોતાને એકલો અનુભવે ત્યારે પણ જ્ઞાનના જ અનાકુળ સ્વાદરૂપે અનુભવાય છે, ને પરજ્ઞેયને જાણવાની અવસ્થામાં પણ આત્મા તો જ્ઞાનના સ્વાદપણે જ અનુભવાય છે, જ્ઞેયરૂપે નહીં. રાગને જાણવાના કાળેય ધર્મી પોતાના આત્માને રાગથી જુદા જ્ઞાનસ્વરૂપે જ વેદે છે–જાણે છે; રાગને જ્ઞાન સાથે ભેળવી દેતા નથી.–જિનસૂત્રમાં કહેલા આવા જ્ઞાનસ્વરૂપ આત્માને જેણે જાણ્યો તેણે સમસ્ત જિનશાસનને જાણી લીધું.

અહો! જિનશાસનમાં કહેલું ચૈતન્યતત્ત્વ અત્યંત મધુર આનંદસ્વરૂપ છે. તે ચૈતન્યતત્ત્વ સર્વત્ર આનંદથી ભરેલું, જ્ઞાનરૂપે જ પ્રગટ અનુભવાય છે. અહો જીવો! સંસારના કોલાહલ સામે જોવાનું છોડીને, આવા સુંદર ચૈતન્યતત્ત્વને તમારામાં જ તમે દેખો. એને દેખતાં જ અપૂર્વ આનંદમય જ્ઞાન અનુભવમાં આવે છે–એ જ જૈનશાસનનો સાર છે; એ જ ધર્મ છે, એ જ મોક્ષમાર્ગ છે.

અરે જીવ! જો તું મોક્ષનો અર્થી હો, તારે સુખનું વેદન કરવું હોય ને દુઃખના વેદનથી છૂટવું હોય, તો પહેલામાં પહેલાં જ્ઞાનરૂપ થઈને તારા જ્ઞાનસ્વરૂપ આત્માને જાણ. જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે જ્ઞાનભાવવડે જણાય છે, તે રાગવડે નથી જણાતો. પૂનમના અંશરૂપ બીજ, તે ભલે નાની હોય–તો પણ પૂર્ણચંદ્રની જાતની જ છે; તેમ સાધકની જ્ઞાનબીજ ભલે નાની, પણ તે પૂર્ણ સર્વજ્ઞસ્વભાવની જાતની છે. આવા જ્ઞાનરૂપ થઈને આત્માનો સ્વાનુભવ કરવો તે મોક્ષાર્થીનું કર્તવ્ય છે; અને તે જ જન્મરહિત થવા માટેનો ઉત્સવ છે.

આચાર્યદેવ સમયસારની શરૂઆતમાં કહે છે કે અહો, આત્માના સ્વાનુભવના નિજવૈભવથી હું એકત્વ–વિભક્ત શુદ્ધ આત્મા દેખાડું છું, તેને તમે તમારા સ્વાનુભવથી પ્રત્યક્ષ કરીને પ્રમાણ કરજો.

અહો, જૈનસંતોએ આત્માના અનુભવની વાત ઇશારાથી સમજાવી છે. જેમ તેજીલા ઘોડાને દોડાવવા ચાબખા મારવાના ન હોય, એને તો ઈશારા જ બસ હોય! તેમ મોક્ષને માટે તેજીલો એવો મુમુક્ષુ તે તો સંતોના ઈશારાથી (થોડાક ઉપદેશથી) જ ચૈતન્યનું સ્વરૂપ સમજીને સ્વાનુભવ કરી લ્યે છે; સ્વાનુભવમાં આત્માના આનંદની લબ્ધિ પ્રગટે છે તેની શી વાત! આત્માની તે લબ્ધિ પાસે જગતના બીજા કોઈ વૈભવની કિંમત નથી.

અહો! અનંત વૈભવથી ભરપૂર ચૈતન્યસત્તાનો સ્વીકાર સ્વાનુભૂતિ જ કરી શકે છે. અનુભૂતિ જ ચૈતન્યની પૂર્ણ સત્તાનો સ્વીકાર કરીને અપૂર્વ આનંદનું વેદન કરે છે. આવી અનુભૂતિની તાકાતની શી વાત! આવી અનુભૂતિનો મંગલ અવસર પ્રભુ મહાવીરના શાસનમાં જ છે. મહાવીર ભગવાનના શાસનને કુંદકુંદસ્વામીએ જીવંત રાખ્યું છે. અહો, મંગળ શ્લોકમાં મહાવીર ભગવાન અને ગૌતમગણધરની સાથે જ કુંદકુંદસ્વામીનું સ્થાન છે; (મંગલં કુંદકુંદાર્યો) તેમણે આ સમયસારમાં મંત્રોવડે આત્માને જગાડયો છેઃ ભાઈ! જાગ રે જાગ! તારી ચૈતન્યસત્તાને અનુભૂતિમાં લે...અત્યારે નહિ જાગે તો તું ક્યારે જાગીશ?

(પાંચ હજારથી વધુ જનસમુદાય ચૈતન્યની મધુરી વાત આનંદ–ઉલ્લાસથી સાંભળી રહી છે. આત્માને કેમ આરાધવો–તે વાત સમજાવતાં ગુરુદેવ હજારો શ્રોતાઓને ચૈતન્યબંસરીના નાદે ડોલાવી રહ્યા છે. ગુજરાતનો યાત્રાસંઘ પણ વીરપ્રભુના ધર્મચક્ર સહિત આવી પહોંચ્યો છે. ત્રણમાસ પહેલાં અમદાવાદથી ઉપડેલું ધર્મચક્ર, હજાર યાત્રિક સાથે ભારતમાં ઘણે સ્થળે વિહાર કરીને આજે પુનઃ અમદાવાદ આવ્યું છે, ને યાત્રિકો ઉત્સવમાં આનંદથી ભાગ લઈ રહ્યા છે.)

અહો, સ્વાનુભૂતિવડે આવા આત્મતત્ત્વને સમજીને તેના શ્રદ્ધા–જ્ઞાન–અનુચરણ કરવા તે જ ધર્મચક્ર છે, તે જ મહાવીરનો માર્ગ છે, તે જ મોક્ષનો મંગલ મહોત્સવ છે.

* * * * *

## બેંગલોર-પ્રતિષ્ઠા......બાહુબલી-યાત્રા *



બેંગલોર શહેરમાં ચૈત્ર સુદ ૧૩ ના મંગલ દિવસે ધામધૂમથી મહાવીરભગવાનનો જન્મોત્સવ ઉજવાયો, તથા મનોહર જિનમંદિરમાં અને સમવસરણ મંદિરમાં જિનેન્દ્રભગવંતોની મંગલ પ્રતિષ્ઠા થઈ, હિંદી-ગુજરાતી ભાષા સમજવાની મુશ્કેલી છતાં દક્ષિણપ્રાંતના જિજ્ઞાસુઓએ ઘણા જ પ્રેમથી ઉત્સવમાં ભાગ લીધો, ને પ્રભુના પંચકલ્યાણક દેખીને મુગ્ધ બન્યા.

ત્યારબાદ સંઘસહિત ગુરુદેવે શ્રવણબેલગોલામાં ધ્યાનસ્થ બાહુબલી ભગવાનની યાત્રા કરી. અહો, વીતરાગધ્યાનમાં સ્થિત મુનિરાજ! જાણે ભક્તોના શિર પર હાથ ફેલાવીને મંગલ આશીર્વાદ દઈ રહ્યા છે. મુનિરાજની અડગ આત્મસાધના દેખીને મુમુક્ષુને પણ આત્માને સાધવાની પ્રેરણા જાગે છે. અહો પ્રભો! હજાર વર્ષથી કરોડો ભવ્યજીવોએ આપની પરમ શાંત વૈરાગ્યમુદ્રા દેખીને વીતરાગતાની તથા મોક્ષમાર્ગની પ્રેરણા મેળવી છે. આપ વિશ્વની વીતરાગી અજાયબી છો.

સાધક દશા કેવી અદ્ભુત હોય છે!-તે જોવું હોય તો જોઈ લ્યો બાહુબલીને.
સાધક સંસારથી કેવો અલિપ્ત હોય છે! તે જોવું હોય તો જોઇ લ્યો બાહુબલીને.
ચૈતન્યપદમાં કેવી શાંતિ ભરી છે! તે જોવું હોય તો જોઈ લ્યો બાહુબલીને.
સાધકો કેવા શૂરવીર હોય છે! - તે જોવું હોય તો જોઈ લ્યો બાહુબલીને.

(ભગવાન બાહુબલીની આ પ્રતિમાની પ્રતિષ્ઠાને થોડા વર્ષ બાદ એકહજાર વર્ષ પૂરા થશે.)

ધન્ય બાહુબલી આતમહિતમેં છોડ દિયા પરિવાર...કિ તુમને છોડા સબ સંસાર.
ધન છોડ વૈભવ સબ છોડા જાના જગત અસાર...કિ તુમને જાના જગત અસાર.

બાહુબલીપ્રભુની યાત્રા બાદ પૂ. ગુરુદેવ મુંબઈ પધાર્યા હતા. ત્યાં આઠ દિવસનો કાર્યક્રમ હતો; ત્યારબાદ ગુરુદેવ અમદાવાદ પધારતાં ભવ્ય સ્વાગત થયું હતું.

# માતા-પુત્રની મધુરી વાતચીત

* હે જિનવાણી માતા! તું પ્રસન્ન થઈને મારા હૃદયમાં પધારી છો, તો તું મને શું આપીશ?
* બેટા તને આનંદમય ચૈતન્યતત્ત્વની અનુભૂતિ આપીશ; આત્માની ચેતના આપીશ, અને એવું ઉત્તમ તપ આપીશ કે તારી ચેતના ચૈતન્યતેજથી શોભી ઊઠશે. (અર્થાત્ આત્મઅનુભૂતિ તે જિનવાણીનું તાત્પર્ય છે.)
* વાહ માતા! તમે અજોડ દાતા છો. મને હવે આ ભવદુઃખથી ને અજ્ઞાનથી ક્યારે છોડાવશો!
* બેટા, અત્યારે જ દુઃખથી છૂટીને આનંદમાં આવી જા! આ રહ્યું–તારું ચૈતન્યતત્ત્વ! તેનો સ્વીકાર કરતાં જ તારું અજ્ઞાન છૂટી જશે.
* મા! મને આ સંસારનો બહુ ભય લાગે છે!
* બેટા, મારા શરણે હવે તને ભય કોનો? જગતમાં કોની તાકાત છે કે મારી ગોદમાં આવેલા પુત્રને દુઃખી કરી શકે? હું કોણ છું? તીર્થંકર મારા પિતા, ને વીતરાગી રત્નત્રયવંત મુનિવરો મારા ભાઈ,–તેમણે મને ઊછેરી, અને હે પુત્ર! તને ગોદમાં લઈને મેં ચૈતન્યરસ પીવડાવ્યો,–હવે તું નિર્ભય થઈને મહા આનંદમાં આવી જા. મારું શરણ લેનારને ભવદુઃખ હોઈ શકે નહિ.
* વાહ માતા! તમે તો આનંદના જ દાતા! તમે મને આનંદની અનુભૂતિ આપી. હે માતા! મને આનંદ આપ્યો તેમ મારા સાધર્મીઓને પણ આનંદ આપજો.

હે જિનવાણી ભારતી! તોહી જપું દિન–રૈન;
જો તેરા શરણા ગ્રહે સો પાવે સુખચૈન.
માતા! અનુભૂતિ ચેતનની અતિશય મુજને વહાલી...
અનુભૂતિમાં આનંદ ઉલ્લસે, એની જાત જ ન્યારી...
માતા! દરશન તારા રે જગતને આનંદ દેનારા.

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ (સૌરાષ્ટ્ર) વૈશાખ
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત ૩૬૦૦